# તલાક઼ વિશે સમજૂતી તથા અન્ય મસાઈલ


**સંપાદક**

**પટેલ શબ્બીર અલી રઝવી** (તંત્રી : બરકાતે ખ્વાજા–માસિક)



**પ્રકાશક**

**અંજુમને રઝાએ મુસ્તફા–દયાદરા**

GRWB/059/Bharuch/02 C/o. ફયૂઝાને રઝા મંઝિલ,
મુ.પો. દયાદરા–૩૯૨૦૨૦, તા. જિ. ભરૂચ,
ફોન : (૦૨૬૪૨) (ઓફિસ) ૨૮૦૦૧૧,(ઘર) ૨૮૦૧૯૨,
મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧, Web. barkatekhwaja.net
Email : anjuman2006@hotmail.com

| | | |
|---|---|---|
| પ્રકાશન નં.: ૧૭૦ | આવૃત્તિ–૧ | પ્રત: ૪૫૦૦ |
| ૧૦ ઝિલહજ્જ | હિ.સ. ૧૪૩૦ | જુલાઈ–૨૦૦૯ |

પોસ્ટકાર્ડ લખી કે SMS કરી મફત મંગાવો !

નૂરાની આર્ટ–દયાદરા
મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧




## અનુક્રમણિકા


- પ્રકાશકના બે બોલ... *તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)* ૦૪
- વગર વિચાર્યી તલાક઼ જીવનનો ગોઝારો અકસ્માત ! ૦૭
- અચાનક ત્રણ તલાક઼ આપવાના ભયાનક પ્રત્યાઘાત ! ૦૯
- એક ઝટકે ત્રણ તલાક઼ આપ્યાનું સાંભળી નબી ﷺ ગુસ્સામાં ઊભા થઈ ગયા !! ૧૦
- એક ઝટકે ત્રણ તલાક઼ ! એટલે અલ્લાહની આયતો સાથે ઠઠ્ઠા કરવું ! ૧૧
- તલાક઼ ખુદાની નજીક ખૂબ જ નાપસંદીદા ચીજ ! ૧૨
- પતિ પત્નીને એકબીજાની ખિદમતનો મહાન બદલો ! ૧૩
- તે પતિના સિત્તેર વરસના ગુનાહ માફ ! ૧૪
- નબી ﷺ ની દૃષ્ટિએ શ્રેષ્ઠ માણસ કોણ ? ૧૫
- હઝરત ઐયૂબ عليه السلام જેટલો સવાબ મળશે ! ૧૬
- પત્નીના દુર્વ્યવહાર પર સબ્રથી વિલાયત મળી ! ૧૭
- અલ્લાહની નજરમાં નેક સ્ત્રી કોણ ?! ૧૮
- સુખ સગવડો માટે પતિ પણ દબાણ ન કરો ! ૧૯
- પતિની નાફર્માનીની ભયાનક સજાઓ ! ૨૦
- ઈસ્લામમાં તલાક઼ની જોગવાઈ શા માટે અને તેની પદ્ધતિ ૨૨
- તલાક઼ આપતાં પહેલાંનો કુર્આની હુકમ ૨૩
- તલાક઼ આપવાનો કુર્આની ક઼ાયદો ૨૫

- તલાક઼ના પ્રકારો તથા ઈદ્દત તેમજ હલાલા વિશે સમજૂતી ૨૫
- મૂળ પતિના નિકાહમાં ફરી આવવા હલાલાની રીત ૨૬
- તલાક઼ આપતા પહેલાં ખૂબ વિચારજો ! ૨૭
- આપસમાં પ્રેમથી વર્તી ઘરને ગુલશન બનાવો ! ૨૮
- દરેક ઝઘડાનું મૂળ અહંમ તથા ઘમંડ છે ! ૩૦
- સૌમાં ઈજ્જત તથા મર્તબો શાથી વધે ? ૩૧
- તલાક઼ સંબંધી મસાઈલ ૩૨
- નિકાહવાળી તથા ઈદ્દતવાળીના બીજે નિકાહ હરામ ! ૩૪
- પાગલની પત્ની તલાક઼ વિના બીજા નિકાહ ન કરી શકે ૩૫
- સસરો વહુ સાથે ઝિના કરે તો ?! ૩૫
- પતિ પોતાની સાસુ સાથે ઝિના કરે તો ?! ૩૬
- એકની હયાતીમાં બીજી બહેન સાથે નિકાહ હરામ ૩૭
- શું નિકાહ પહેલાં દુલ્હાને કલ્મા પઢાવવા જરૂરી છે ? ૩૮
- હાલની ક્રિશ્ચ્યન સ્ત્રી સાથે નિકાહ થશે નહીં ! ૩૯
- વહાબી, દેવબંદી, શીઆ વગેરે સાથે નિકાહ થતા જ નથી ! ૩૯
- દુનિયાવી કોર્ટને માનો છો કે શરીઅતના ક઼ાનૂનને ?! ૪૦
- લાપતા પતિની વિવિધ સ્થિતિઓના હુકમો ૪૧
- ભરણપોષણ વગેરે જરૂરી હક્કો઼થી પત્નીનું વંચિત હોવા તથા લાચારીના સબબે નિકાહ તોડવાની ઈજાઝત ૪૪
- ભરણપોષણની મુશ્કેલીમાં નિકાહ તોડવા વિશે ૪૫






بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

## પ્રકાશકના બે બોલ.......

પ્યારા દીની ભાઈઓ તથા બહેનો ! વર્તમાન સમયમાં ધડાધડ બનતા તલાક઼ના બનાવો એ આપણા સમાજનો એક ચિંતાનો વિષય છે. આપણે જોઈએ છીએ લોકો કે ડી.જે., બેન્ડબાજા, તથા ડાન્સના પ્રોગ્રામો કરી ૨૦–૨૫ હજારના ફટાકડા ફોડીને, લાખોના ખર્ચા શાદીઓમાં કરે છે અને થોડા સમયમાં તો તલાક઼ થાય છે ! સૌ પ્રથમ વાત તો એ છે કે શાદી કરવામાં આજકાલ લોકો છોકરો કે છોકરી ખૂબસૂરત, ફેશનેબલ, મોડર્ન તથા માલદારની પસંદગી કરે છે, જ્યારે કે સરકારે દો આલમ ﷺનું ફર્માન છે કે સ્ત્રી સાથે નિકાહ ચાર વાતોના કારણે કરવામાં આવે છે : (૧) માલ (૨) વંશ (૩) સુંદરતા (૪) દીન. અને **તું દીનવાળી (દીનદાર)ને અગ્રતા આપ.** *(બહારે શરીઅત, ૭/૪)*

આજકાલ મોટાભાગે દીનદારી તો નથી જોવામાં આવતી બલ્કે દીનદાર, પર્દાની પાબંદ તથા નમાઝી છોકરી નહીં પણ વાળોની લટો વેરતી, ભવાં કટરાવતી, ફીટ તથા ટાંચાં કપડાં પહેરતી, ફેશનમાં બોલતી ચાલતીની પસંદગી કરનારા અધિક હોય છે. તો જ્યાં દીનદારી ન હોય ત્યાં આગળ જતાં મુસીબતો પણ આવવાની ! એટલે જ નબી કરીમ ﷺએ વિવિધ હદીષોમાં આ પ્રમાણે નેક સ્ત્રીના વિશે ફર્માવ્યું કે :–

- દુનિયા પુંજી છે અને **દુનિયાની બેહતરીન (શ્રેષ્ઠ) પુંજી નેક સ્ત્રી** છે.
- તક઼વા પછી મો'મિન માટે **નેક પત્નીથી વધીને કોઈ ચીજ નથી.**

- જેને ચાર ચીજો મળી તેને દુનિયા તથા આખેરતની ભલાઈ મળી : (૧) શુક્રગુઝાર દિલ (૨) ખુદાની યાદ કરનારી જીભ (૩) મુસીબત પર સબ્ર કરનાર શરીર (૪) એવી **પત્ની કે જે પોતાના નફ્સ તથા પતિના માલમાં ગુનાહ (ખયાનત) કરનાર ન હોય.**
- ત્રણ ચીજો માણસની ખુશનસીબી છે અને ત્રણ ચીજો બદ્‌નસીબી. **ખુશનસીબીની ચીજોમાં નેક પત્ની** અને સારું મકાન (વિશાળ મકાન) અથવા સારો પડોશી, અને સારી સવારી. અને બદ્‌નસીબીની ચીજો ખરાબ પત્ની, બુરુ મકાન અને બુરી સવારી.

જેને અલ્લાહે **નેક પત્ની** નસીબ કરી તેના અડધા દીન પર મદદ કરી, જેથી અડધા બાકીમાં અલ્લાહથી ડરે. (તક઼વો અને પરહેઝગારી કરે.) *(બહારે શરીઅત, ૭/૫)*

વિચાર કરો ! રસૂલુલ્લાહ ﷺ થકી નેક સ્ત્રીથી નિકાહ માટે કેટલી તાકીદ થયેલી છે. જેથી નિકાહ કરવા માટે નેક સ્ત્રીને, દીનદાર સ્ત્રીને જ પ્રાધાન્ય આપો, એ જ પ્રમાણે છોકરો પણ દીનદાર પસંદ કરો તો ઈન્શાઅલ્લાહ ! એકબીજાના હક્કો સમજશે, ખુદાનો ખૌફ રાખી સબ્ર કરનાર હશે અને ઈસ્લામ પર ચાલી ઘરને જન્નત સમુ બનાવશે, ઘરમાં હસી ખુશીનો માહોલ હશે, આજે તલાક઼ના બનાવોમાં અધિક્તાનું કારણ સરકારે દો જહાં ﷺના ફર્માનોની વિરુદ્ધનું વર્તન છે.

વળી મોટાભાગે એવું બને છે કે પતિઓ કોઈ વાતે ગુસ્સે થઈને છેવટે "તલાક ! તલાક઼ ! તલાક઼ !" એક સાથે ત્રણ તલાક઼ બોલી જાય છે પછી પસ્તાવો કરીને તેમાંથી નીકળવા રસ્તા શોધે છે. તો આ સંબંધે તલાક઼ના વિષયે સંપૂર્ણ ચર્ચા પ્રસ્તુત કિતાબમાં રજૂ કરવામાં આવી છે કે તલાક઼ શું છે ? તલાક઼ના બારામાં અલ્લાહ વ





રસૂલનાં શું ફર્માનો છે ? તલાક઼ આપવી જ પડે તેમ હોય તો કઈ રીતે આપવી જોઈએ....વગેરે બાબતે વિગતે ચર્ચા રજૂ કરી છે. જેને દરેક સ્ત્રી પુરૂષે વાંચી તેનાથી બોધ ગ્રહણ કરવો જોઈએ. અને એના સંબંધી મસ્અલાને ધ્યાનમાં રાખી શરીઅત પ્રમાણે વર્તવું જોઈએ એમાં જ સૌની બંને જહાનમાં ભલાઈ છે.


ઘણા ઠેકાણે જોવા મળ્યું છે કે પતિ ગુસ્સામાં ત્રણ તલાક઼ આપી દે છે અને પછી ગમે તેમ કરી પત્નીને હલાલા વિના ઘરમાં લાવી દે છે. એક ઠેકાણે એક માણસે તેની પત્નીને ત્રણ તલાક઼ આપી દીધી તો પત્ની પિયર જતી રહી. પછી કોઈ જાહિલ બાપુ આવ્યા તેમને મળવા ગયો તો બાપુને ખબર થઈ હશે કે પત્નીને ત્રણ તલાક આપી દીધી છે. તો જાણવા છતાં જાહિલ બાપુએ કહ્યું કે, ખબરદાર ! મારી પાસે આવીશ નહીં જ્યાં સુધી તારી પત્નીને બોલાવી ન લે ! તો તે ભાઈએ હલાલા વિના જ પત્નીને ઘરમાં રાખી લીધી. આ છે જાહિલ બાપુઓનો તરીક઼ો ! કે શરીઅતના ક઼ાનૂનને નેવે મૂકી પતિ પત્નીને વ્યભિચારમાં નાખી દીધાં ! આ અને અનેક બહાને તલાક઼ બાદ ડાયરેક્ટ ભેગાં થઈ રહેવા માંડવાના બનાવો પણ બનતા રહે છે. અફસોસ ! ખુદાનો ખૌફ, દીનનું મહત્વ, શરીઅતનું મહત્વ જાણે લોકોનાં દિલોએથી ઉઠી ગયું છે.

રબ તઆલા તેના હબીબે પાક ﷺના સદક઼ામાં આપણને શરીઅતે મુસ્તફા ﷺની પાબંદી સાથે જીવન જીવવાની તૌફીક઼ અતા કરે. (આમીન)

—**પટેલ શબ્બીર અલી રઝવી** *તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

તારીખ : ૨૩/૦૭/૨૦૦૯, વાર : જુમેરાત

૨૯ રજબ હિ.સ. ૧૪૩૦



نَحْمَدُهٗ وَ نُصَلِّى عَلٰى رَسُوْلِهِ الْكَرِيْمِ

**'નિકાહ'** એ અજનબી પુરૂષ તથા અજનબી સ્ત્રીને જોડી દેનાર તથા એકબીજા વચ્ચે અતૂટ મહોબ્બત પેદા કરનાર એવું પવિત્ર બંધન છે જે બંનેને દુનિયા તથા આખેરતમાં સુકૂન અર્પણ કરે છે. **ઈજાબ** તથા **ક઼ુબૂલ** વેળા **સ્ત્રીની રજા** અને પુરૂષનું કહેવું કે **'મૈંને ક઼ુબૂલ કિયા'** આ શબ્દો અતિ મહત્વ ધરાવે છે. આ શબ્દોથી તેમના પર એવી જિમ્મેદારી આવી પડે છે કે એકબીજાના સર્વ હક્ક઼ોનું પાલન કરવા તેઓ શરીઅતની રૂએ જિમ્મેદાર થઈ જાય છે, એકબીજાની મહોબ્બતમાં રહી એકબીજાનું માન, એકબીજાની ઈજ્જત આબરૂનું રક્ષણ તથા પતિ માટે પત્નીનું ભરણ પોષણ તથા અન્ય જરૂરતો તથા પત્ની પણ પતિનો માલ તથા માન મોભો ઈજ્જત સાચવવા કટીબદ્ધ થઈ જાય છે અને ઈસ્લામી શરીઅતને અનુસરીને જીવતાં વફ઼ાદાર દંપતિઓ એકબીજા સાથે સુખ દુઃખમાં પણ ચૈન સુકૂનથી જીવન જીવતાં હોય છે. નિકાહનો સંબંધ તેમના જીવનમાં ખુશીઓની બહાર ભરી આપે છે.

## વગર વિચાર્યી તલાક઼ જીવનનો ગોઝારો અકસ્માત !

સુખી જીવન માટે પતિએ પત્ની સાથે દરેક વાત પ્યાર મહોબ્બતથી કરવી જોઈએ, તેણીની વાત પણ સાંભળવી જોઈએ. અને ન ગમતી વાત બને તો સબ્રથી કામ લઈ બંનેએ વાતને સમજાવટથી પતાવવી જોઈએ. જીવનના સફ઼રમાં ક્યારેક મુશ્કેલ





વળાંકો આવી પડે છે, પતિ પત્ની વચ્ચે કોઈક વાતે ઘર્ષણ પણ થાય છે તો એવા સમયે શરીઅતના હુકમોને નજરો સમક્ષ રાખી સબ્રથી વાતનું નિરાકરણ કરવું. જો જીવન ખુશ્નુમા રાખવું હોય તો પતિની ભૂલ હોય તો તેને સ્વીકારી લઈ માફ઼ી માંગી લેવી જોઈએ અને પત્નીની ભૂલ હોય તો તેણે માફ઼ી માંગી લેવી અને દરેકે દરગુઝર કરીને માફ઼ી આપી દેવી જોઈએ અથવા માફ઼ી ન માંગે તો પણ દરગુઝર કરી દેવું. મહોબ્બત આપસમાં વધે તેવા પ્રયાસો કરવા જોઈએ. પતિ કે પત્નીએ ગુસ્સે થઈ તમાશા ન કરવા જોઈએ. આજે દીની જ્ઞાનથી વંચિત અને શરીઅતથી બેપરવા જીવન જીવતાં સ્ત્રી પુરૂષો વાત વાતમાં ઝઘડા કંકાસ કરતાં રહે છે અને ક્યારેક ન બનવાનું બની જાય છે. અને પતિ ક્યારેક અતિ ઉશ્કેરાટમાં આવી ધડાધડ પત્નીને **"તલાક઼ ! તલાક઼ ! તલાક઼ !"** કહી આપે છે ! માનવ જીવનયાત્રાનો આ એવો ગોઝારો અકસ્માત છે કે જેવી રીતે ટ્રેન પાટા પરથી ઉતરી પડે તો કેવળ ડબ્બા જ નથી નીચે ઉતરતા બલ્કે કાંઈ કેટલીયે જિંદગીઓ તેમાં સફ઼ર કરી રહેલી હોમાય થઈ જાય છે, કેટલાંય અપંગ થઈ જાય છે, કેટલીયે સ્ત્રીઓ વિધવા અને બાળકો અનાથ થઈ જાય છે, મા બાપો પુત્ર પુત્રી વિયોગમાં સપડાય જાય છે અને અસંખ્ય મુસીબતો પબ્લિકને વેઠવાની આવે છે. એ જ પ્રમાણે માનવ જીવનની ગાડીનું છે કે પતિના "તલાક઼ ! તલાક઼ ! તલાક઼ !"ના એકધારા થયેલ ફ઼ાયરિંગથી કેવળ પત્ની જ નિકાહથી નથી નીકળી જતી બલ્કે એનાં બાળકો રઝળી પડે છે, બંનેનાં કુટુંબીજનો પર દુઃખનું આભ તૂટી પડે છે, સમાજમાં આબરૂના કાંકરા થઈ જાય છે અને સૌની રાતની નિંદરો હરામ થઈ જાય છે. સૌનાં જીવનનાં અરમાનોનો જનાઝો નીકળી જાય છે અને આનંદ કિલ્લોલમાં જીવતાં પતિ–પત્ની બાળકો, કુટુંબીજનો સૌના ચહેરા પર ઉદાસીની કાળી મેશ જામી જાય છે

અને જીવન જીવવું મુશ્કેલ બની જાય છે.

આવું ત્યારે જ બને છે કે જ્યારે પતિ "તલાક઼"ના હક્ક઼નો નાજાઈઝ રીતે ઉપયોગ કરી ધડાધડ ત્રણ તલાક઼ો એક સાથે આપી દે છે. જ્યારે કે આ રીતે તલાક઼ આપવી **હરામ** છે અને આવી રીતે તલાક઼ આપનાર ગુનેહગાર છે, **પણ તલાક઼ તો થઈ જાય છે.** *(મિર્કાત, અન્વારુલ્ હદીષ)*

**અચાનક ત્રણ તલાક઼ આપવાના ભયાનક પ્રત્યાઘાત!**

આજકાલ મુસ્લિમ સમાજમાં હાલતાં ચાલતાં તલાક઼ો થતી જોવા મળે છે. આવું પણ બને છે કે પતિ પત્ની વરસોથી સુખેથી જીવી રહ્યાં છે, પાંચ સાત છોકરા છોકરીઓ છે, સૌ યુવાન તથા કેટલાંક પરણિત છે અને આવા સંજોગોમાં પણ કદીક પતિ પત્નીમાં ચડભડ થઈ, જીદે ચઢયાં ને ભાઈએ સંતુલન ગુમાવી ગુસ્સામાં એકી ઝટકે કહી દીધું કે "તને ત્રણ તલાક઼ !" અને પછી ?! જાણે બોમ્બ ફૂટયા બાદ સન્નાટો ! હવે ભાઈ પણ પસ્તાય છે અને બહેન પણ ! જવાન જવાન છોકરાં ઘરમાં છે તેમની હાલત ખરાબ થઈ જાય છે, સાસરે રહેલી પુત્રી વાત સાંભળી પરેશાન પરેશાન થઈ જાય છે ! સમાજમાં બેઈજ્જતીની ચર્ચાઓ થાય છે, કુટુંબીજનો અતિ મુંઝવણમાં મૂકાઈ જાય છે. સમાજમાં લોકો તે પતિથી ધૃણા કરે છે કે આટલી ઉંમરે કેવી મૂર્ખામી કરી બેઠો ! હવે શું ?!

તો વળી કેટલાંક ઓછી ઉમરનાં જોડાંમાં પણ આવું બને છે કે કોઈ વાતે વાંકુ પડતાં ધડાધડ એકી ઝટકે તલાક઼ો બોલી નાખે છે અથવા લખી મોકલે છે અને પછી પસ્તાયને રસ્તા શોધે છે. ક્યાંક કહે છે કે અમારી વચ્ચે ખૂબ જ મહોબ્બત છે ! "મને તો ગુસ્સામાં ભાન ન રહ્યું અને બોલી નાખ્યું !" તો ક્યાંક જૂઠી રજૂઆતો કરી મુફ઼્તી સાહબો પાસેથી તલાક઼ નથી પડી તેવા માર્ગો શોધવામાં





આવે છે. અને વળી કેટલાક તો થોડોક સમય અલગ રહે છે પછી વાતને ભૂલાવી દઈ પતિ પત્ની જેમ સાથે રહેવા લાગે છે ! તો વળી ક્યાંક એવું પણ જોયું કે જાહિલ બાપુને વચ્ચે ફેંકી સમાધાન કરાવી "હલાલા" વિના પતિ પત્ની જેમ સાથે રહેવા લાગે છે ! અને **શરીઅતને અવગણી જીવનભર વ્યભિચારમાં પડી જહન્નમના અઝાબને નોંતરે છે.** આવાં કેટલાંય દષ્ટાંતો સમાજમાં જોવા મળે છે.

**એક ઝટકે ત્રણ તલાક઼ આપ્યાનું સાંભળી નબી ﷺ ગુસ્સામાં ઊભા થઈ ગયા !!**

નસાઈએ મહમૂદ ઈબ્ને લબીદ رضی اللہ عنہથી રિવાયત કરી કે, રસૂલુલ્લાહ ﷺને એ ખબર પહોંચી કે એક શખ્સે પોતાની પત્નીને ત્રણ તલાક઼ો એકી સાથે આપી દીધી. એ સાંભળીને આપ ગુસ્સામાં ઊભા થઈ ગયા અને ફ઼ર્માવ્યું કે, **અલ્લાહની કિતાબ સાથે ખેલ કરે છે !** જ્યારે તમારી વચ્ચે હું હજી મૌજૂદ છું ! *(બહારે શરીઅત, ૮/૪)*

**હે મુસલમાનો !** ખબરદાર ! એક સાથે ત્રણ તલાક઼ો કદાપિ ન આપશો ! વિચારો ! એક ઝટકે ત્રણ તલાક઼ આપ્યાનું સાંભળી અલ્લાહના રસૂલ ﷺ ગુસ્સાના આવેશમાં ઊભા થઈ ગયા અને ફ઼ર્માવ્યું કે, **કિતાબુલ્લાહ સાથે રમત રમો છો ?! જો તમે આશિક઼ે રસૂલ છો અને જો તમારામાં ઈમાની ગૈરત બાકી હોય તો કોઈપણ સંજોગોમાં એક સાથે ત્રણ તલાક઼ો આપશો નહીં,** નહીં તો અલ્લાહના રસૂલ ﷺ જે રીતે જાહેરી હયાતમાં તડપી ઉઠયા તેમ ક઼બ્રે અન્વરમાં પણ આપ ﷺ તમારા અમલો જોઈ રહ્યા છે તો **ત્યાં પણ આપની રૂહ તડપી ઉઠશે !**

અને આપ ﷺ નારાજ થશે, અને રસૂલે પાક ﷺ નારાજ થશે તો અલ્લાહ ﷻ પણ નારાજ થશે, તો કયા મોઢે તમે દુનિયાની ભલાઈ તથા આખેરતમાં શફાઅતની ઉમ્મીદ રાખી શકો છો ?! માટે બહુ જુસ્સામાં ન આવશો અને એક સાથે ત્રણ તલાક઼ો કદી બોલશો કે લખી દેશો નહીં.

**એક ઝટકે ત્રણ તલાક઼ ! એટલે અલ્લાહની આયતો સાથે ઠઠ્ઠા કરવું !**

ઈમામ માલિક મુઅત્તામાં રિવાયત કરે છે કે એક શખ્સે હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہماને કહ્યું, મેં મારી પત્નીને ૧૦૦ તલાક઼ો આપી દીધી, તમે શું હુકમ ફર્માવો છો ? ફર્માવ્યું કે, તારી પત્ની ત્રણ તલાક઼ોથી ''બાઈન'' થઈ (નિકાહથી નીકળી) ગઈ અને ૯૭ તલાક઼ો થકી તેં અલ્લાહની આયતો સાથે ઠઠ્ઠા (મશ્કરી) કરી. *(બહારે શરીઅત, ૮/૫)*

હે મુસલમાનો ! અલ્લાહની આયતોથી મશ્કરી કરીને શું ભલાઈ પામશો ?! વિચારો ! બહુ ટેશમાં ન આવી જાવ ! નહીં તો આ જીભના એક જ ઝટકે તમો જહન્નમમાં પહોંચી જશો ! જીભને કાબૂમાં રાખો ! કોઈપણ કામ કરતાં પહેલાં શાંત ચિત્તે વિચારો કે એનાં પરિણામો શું શું આવશે ?! નહીં તો ન દીનના રહેશો ન દુનિયામાં ચૈન પામશો અને બંને જહાનમાં બેઈજ્જતીના શિકાર બની જશો. માટે કોઈ વાતથી તમને ગુસ્સો આવી જાય તો ઊભા હોઉ તો બેસી જાવ, બેઠા હોઉ તો સૂઈ જાવ, પાણી પી લો, વુઝૂ કરો.... વગેરે ગુસ્સાને દૂર કરવાના તરીક઼ા છે તે અપનાવો, ઘરથી બહાર નીકળી જાવ, પણ અલ્લાહની આયતો જોડે ઠઠ્ઠા કરી દુનિયા તથા આખેરતને બર્બાદ ન કરો.





**તલાક઼ ખુદાની નજીક ખૂબ જ નાપસંદીદા ચીજ !**

હુઝૂર ﷺએ ફર્માવ્યું, હે મઆઝ ! કોઈ ચીજ અલ્લાહે ગુલામ આઝાદ કરવાથી અધિક પસંદીદા પૃથ્વીના પટ પર પેદા નથી કરી અને કોઈ ચીજ પૃથ્વીના પટ પર તલાક઼થી અધિક નાપસંદીદા પેદા નથી કરી. *(દારકુત્ની મઆઝ رضی اللہ عنہથી રાવી, હવાલો : બહારે શરીઅત, ૮/૩)*

અબૂ દાઊદે ઈબ્ને ઉમર رضی اللہ عنہماથી રિવાયત કરી કે હુઝૂર ﷺએ ફર્માવ્યું કે તમામ હલાલ ચીજોમાં ખુદાની નજીક નાપસંદીદા ચીજ તલાક઼ છે. *(બહારે શરીઅત, ૮/૩)*

હે મુસલમાનો ! ''તલાક઼ !'' આપવી જાઈઝ તથા હલાલ છે પણ એ ત્યારે જ જ્યારે પતિ પત્નીનું સાથે જીવવું ખરેખર અસહ્ય તથા અતિમુશ્કેલ થઈ જાય, અને ''તલાક'' આપવાનો પણ શરીઅતનો દર્શાવેલ હિકમતપૂર્ણ તરીક઼ો છે તેના પ્રમાણે જ તલાક઼ આપવામાં આવે તો કોઈ મુસીબત ઊભી થશે નહીં.

માટે પ્રથમ તો એ વિચારો કે જો તલાક઼ વિના થોડીક સબ્રથી કામ ચાલી જશે તો સબ્ર કરી લો, ન તલાક આપો ન માંગો, કારણ કે ખુદાની એ સૌથી નાપસંદીદા ચીજ છે. બીજું કે તલાક઼ આપવી જ પડે તો શરીઅતના ક઼ાનૂન પ્રમાણેની પદ્ધતિને જ અનુસરો (જે આગળ જતાં વર્ણન થશે.) તો શક્ય છે ભંગાણ પામતા સંબંધો ફરી જોડાઈ પણ જાય અને ફરી તેમાં મીઠાશ પેદા થાય. પણ એક જ ઝટકે ત્રણ તલાક઼ો આપશો તો સંભલી જવાની કે તલાક઼ પાછી ખેંચીને સંબંધમાં સુધારો કરવાનો કોઈ અવકાશ રહેશે નહીં, અને પછી પસ્તાવા સિવાય કાંઈ હાથ આવશે નહીં. ઘણા બનાવો એવા બને છે કે બંને પક્ષે તલાક઼ લેવા આપવા તલપાપડ થતાં જોડાં

સમજાવટથી સાથે રહેવા માની જતાં હોય છે અને પછી સુખેથી તેમનાં જીવનો ગુજરતાં જાય છે. જેથી અકડાપણુ તથા ઉતાવળ ન કરવી કે એ શૈતાનનું કામ છે.

## પતિ પત્નીને એકબીજાની ખિદમતનો મહાન બદલો !

વર્તમાનકાળમાં સામાન્યતઃ સ્ત્રીઓ પતિના ત્યાં સહુલતો શોધે છે તથા પતિના માં બાપ તથા કબીલાથી, તેમના કામકાજના ભારથી અળગી થઈ આઝાદીથી અલગ રહેવાની માંગમાં તકરારો કરતી રહે છે, છેવટે નોબત તલાક઼ સુધી પહોંચી જાય છે. જો શક્ય હોય તો અલગ રહે તેમાં વાંધો નથી, પણ શક્ય ન હોય તો હઠ ન પકડે. જો બહેનો ઈમાન તથા ઈસ્લામની ઈજ્જત કદર સમજતી હોય તો સબ્રથી મુક્ત મને ખુશમિજાઝ રહી પતિની તથા કુટુંબીજનોની સેવામાં દિવસો ગુજારે તો ઘરનું વાતાવરણ ખુશનુમા રહેશે, સૌમાં તે સ્ત્રી પ્યારી પણ થઈ જશે અને સૌમાં મહોબ્બત પણ રહેશે અને આ ખિદમતનો રબ તઆલા તરફથી આખેરતમાં પણ મહાન બદલો મળશે. સાંભળો !

હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને મસ્ઊદ رضی الله عنه થી રિવાયત થયેલ છે કે નબી કરીમ صلى الله عليه وسلم એ ફર્માવ્યું, **"પત્ની જ્યારે પોતાના પતિનો લિબાસ સાફ કરે છે તો અલ્લાહ તઆલા તેના અમાલનામામાં બે હજાર નેકીઓ લખવાનો હુકમ ફર્માવે છે અને તેણીના બે હજાર ગુનાહ માફ ફર્માવી આપે છે અને તે જે ચીજો પર સૂરજનાં કિરણો ફેંકે છે તે સૌ તે સ્ત્રીના માટે મગફેરતની દુઆ કરે છે, તેમજ તેણીના બે હજાર દરજા વધારી દેવામાં આવે છે.** *(નુઝહતુલ મજાલિસ, ૨/૮૧)*

હઝરત ઉમ્મુલ મુઅ્મિનીન આઈશા સિદ્દીક઼া رضی الله عنها ફર્માવે





છે, ચરખા (રેંટીયા)નો અવાજ તકબીર કહેવા સમાન છે, અને અલ્લાહ રબ્બુલ આલમીનની રઝા તથા ખુશ્નુદી માટે તકબીર (અલ્લાહુ અકબર) કહેવું જમીન તથા આસ્માનના વજનથી પણ ભારે છે. **જે સ્ત્રી પોતાના હાથ વડે તૈયાર કરેલ સૂતર વડે પતિનો લિબાસ તૈયાર કરીને પહેરાવે છે તો અલ્લાહ તઆલા તેને દરેક દોરાના બદલામાં એક એક લાખ નેકીઓ અતા ફર્માવે છે.**

હઝરત અબૂ ક઼તાદા رضی الله عنه થી રિવાયત છે કે સ્ત્રીના ચરખાનો અવાજ તથા કુર્આનની તિલાવત અલ્લાહ તઆલાની નજીક સરખા છે અને સ્ત્રીનો જેહાદ ચરખો કાંતવું છે. *(હવાલો ઉપર મુજબ)*

સારાંશ કે પતિના માટે ઉઠાવેલી સર્વ પ્રકારની તકલીફો પત્નીના ગુનાહોનો કફ્ફારો બને છે તથા આખેરતમાં નેકીઓ તથા જન્નતમાં ઉચ્ચ દરજ્જા પામવાનો સબબ બને છે જેથી આ હદીષો ધ્યાનમાં રાખી સબ્ર તથા સુકૂનથી ઘરના કામકાજ તથા ઘરના સભ્યો વગેરેમાં પ્રેમપૂર્વક પરોવાયેલા રહેવું જોઈએ અને ઘરના માહોલને ખુશ્નુમા રાખવો જોઈએ જેથી તકરાર કંકાસ પેદા ન થાય અને તલાક઼ સુધી વાત ન પહોંચે.

## તે પતિના સિત્તેર વરસના ગુનાહ માફ !

એ જ પ્રમાણે પતિએ પણ પત્નીનો તથા ઘરવાળાંનો ખયાલ કરીને તેમની જરૂરતો માટે સાવધાન રહી જાતે સમય કાઢી તેણીને તથા કુટુંબીજનોને સહાયરૂપ થવું જોઈએ, ઘરમાં સૌનો પ્રેમ જીતવો જોઈએ. નબી કરીમ صلى الله عليه وسلم એ ફર્માવ્યું, ક઼યામતના દિવસે 'મીઝાન'માં સૌ પ્રથમ તે ભરણ પોષણની ચીજો રાખવામાં આવશે જે પતિ પોતાની પત્નીને આપતો હતો. તેમજ ફર્માવ્યું, **જે શખ્સ પોતાનાં બીવી બચ્ચાં માટે માલ સામાન ખરીદીને જાતે પોતે ઘરે**

**લાવે છે તેના સિત્તેર વરસના ગુનાહ માફ કરી દેવામાં આવે છે.** જેમ કે નબી કરીમ ﷺએ બજારથી કોઈ ચીજ લીધી અને જાતે પોતે ઉઠાવીને ઘરે લાવી રહ્યા હતા. તો માર્ગમાં કોઈ સહાબીએ આપની પાસેથી લેવા ચાહ્યું (કે પોતે ઉઠાવી લે) તો આપ ﷺએ ફર્માવ્યું, જેનો બોજ છે તે જ ઉઠાવીને ચાલવાનો અધિક હક્ક઼દાર છે. *(હવાલો ઉપર મુજબ)*

જે શખ્સ બજારથી જરૂરી માલ સામાન ખરીદીને **ઔરતોની તકલીફો દૂર કરે છે તેના પર અલ્લાહ તઆલા રહમતની નજર ફર્માવે છે. અને જેના પર અલ્લાહ તઆલાની રહમતની નજર થશે તે કદી અઝાબનો મુસ્તહિક઼ થશે નહીં.** હદીષ શરીફમાં છે : **પોતાની પત્નીને ખુશ રાખવું એવું છે જેમ કે ખુદાના ડરથી રડવું.** અને જે ખુદાના ડરથી રડે તેના શરીરને અલ્લાહ તઆલા **જહન્નમ માટે હરામ** કરી આપે છે. *(હવાલો ઉપર મુજબ)*

હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہماથી રિવાયત પામેલ છે કે, **જે શખ્સ પત્નીને ખુશહાલ રાખે છે તેને અલ્લાહ તઆલા ક઼યામતના દિવસે રંજ તથા તકલીફમાં સપડાવશે નહીં, બલ્કે તે એ દિવસે ખુશી તથા આનંદમાં હશે.** *(નુઝહતુલ મજાલિસ, ૨/૮૨, ૮૩)*

## નબી ﷺ ની દષ્ટિએ શ્રેષ્ઠ માણસ કોણ ?

રસૂલે મક઼બૂલ ﷺએ ફર્માવ્યું : "તમારામાં સૌથી અધિક સારો તે છે જે પોતાની પત્નીના માટે સારો હોય, અને હું મારી પત્નીઓ માટે તમારા સૌથી શ્રેષ્ઠ છું." *(કીમીયાએ સઆદત–૨૬૨)*

આજકાલ માણસ પરાયા લોકો, મિત્રો, પોતાના પીરો વગેરે





સાથે સારો વહેવાર રાખીને તેમનામાં પ્રિય બની જતા હોય છે, પણ ઘરે આવીને તીસમારખાં, તેજ દિમાગવાળા બનીને ભવાં ચઢાવી અકડુ બનીને રહેતા હોય છે ! ન પત્ની કે બાળકો સાથે પ્રેમપૂર્વક વર્તે છે ન માં બાપ, બહેનોના દિલમાં ઘર કરે છે. તો આવા લોકોએ રસૂલે પાક ﷺના ઉપરોક્ત ફર્માન પર ચિંતન મનન કરી પ્રથમ પોતાનાં માં બાપ, ઘરવાળાં પત્ની, બાળકો વગેરેનાં દિલ જીતી લેવાં જોઈએ પછી લોકોના વહાલા બનવા નીકળવું જોઈએ. તમે સારા માણસ છો કે નહીં ?! એનું સર્ટિફિકેટ ઘરવાળાં જ આપી શકે છે. હિંદુઓમાં કહેવત છે કે, "મહાદેવના ગુણ પૂજારી જાણે !" તેમ ઘરના માણસો જ પતિને નજીકથી જાણતા હોય છે. સાચે જ સભ્ય તથા શાણો માણસ તે જ છે જે પત્ની તથા ઘરવાળા સાથે સભ્ય તથા પ્રેમાળ વર્તાવ રાખતો હોય. અને જો પત્ની તથા ઘરવાળાંને ખુશ રાખશો તો લડાઈ ઝઘડા રહેશે જ નહીં, જેથી તલાક઼ની નહૂસત નડશે નહીં અને જીવન ખુશ્નુમા બની રહેશે.

## હઝરત ઐયૂબ علیہ السلام જેટલો સવાબ મળશે !

કેટલીકવાર પતિઓ ફરિયાદ કરે છે કે, "મારી પત્ની ખૂબ જ ટેઢી છે ! ગમે તેમ કરીએ તોય ટેઢી જ જાય છે !" તો સાંભળો ! રસૂલે ખુદા ﷺની હદીષે મુબારકા છે. હઝરત આઈશા સિદ્દીક઼ા رضی اللہ عنہاથી રિવાયત છે કે નબી કરીમ ﷺએ ફર્માવ્યું, "સ્ત્રી પાંસળીની જેમ છે, જો તમે તેને સીધી કરશો તો તોડી નાખશો. તેણી સાથે તેના વાંકાપણાની સાથે જ ફાયદો ઉઠાવવામાં આવી શકે છે." *(ઈબ્ને માજહ, ૧૩૩, બહવાલા : બરકાતે શરીઅત)*

જેથી પત્નીના ટેઢાપણાથી ગભરાવું કે અકળાવું નહીં ! બલ્કે સબ્રથી, સમજાવટથી, હિકમતથી વર્તીને જીવન નૈયાને ખુશહાલ

રાહે દોડાવતા ચાલવું જોઈએ. અને જુઓ તમે પત્નીના કટુ સ્વભાવ કે અયોગ્ય વર્તાવ પર સબ્ર કરશો તો રસૂલે પાક ﷺ તમને શું ખુશખબરી આપે છે તે સાંભળો ! રસૂલે પાક ﷺએ ફર્માવ્યું :–

"જે શખ્સ પોતાની પત્નીના કટુ સ્વભાવ પર સબ્ર કરે તેને એટલો સવાબ મળશે જેટલો હઝરત ઐયૂબ عليه السلامને તેમની મુસીબત પર મળ્યો." *(કીમીયાએ સઆદત–૨૬૨)*

ભાઈઓ ! આપણે શું ચીજ છીએ, ખલીફા ફારૂકે આ'ઝમ હઝરત ઉમર رضي الله عنه સાથે તેમનાં પત્ની સાહેબાએ ઊંચા અવાજે વાત કરી. કોઈકે સાંભળી જતાં પ્રશ્ન કર્યો કે સર્વ જગત આપના પ્રભાવથી ધ્રુજે છે અને ઘરમાં આવું શાથી ?! તો આપે જવાબ આપ્યો, "ભાઈ ! એ તેણીનો હક્ક઼ છે ! કેમ કે એ એક જ સમયે મારી રસોયણ પણ છે, ધોબણ પણ છે, મારા બાળકોની સારસંભાળ રાખનાર પણ છે અને આ તેણી મારી તથા જહન્નમની વચ્ચે આડ છે." તો આવી ઉદાર દિલી તથા વિશાળતાવાળી વિચારધારા રાખવી જોઈએ.

## પત્નીના દુર્વ્યવહાર પર સબ્રથી વિલાયત મળી !

એ જ પ્રમાણે એક વલીનો બનાવ છે કે, એક શખ્સ એક વલીને ત્યાં તેમની મુલાકાતે જાય છે તો તે વલી વિશે પૂછતાં ખૂબ જ કડક ભાષામાં ઘરમાંથી જવાબ મળે છે કે, "જંગલમાં ક્યાંક ભટકતા હશે, લાકડાં કાપતા હશે !" તો તે શખ્સ જંગલ તરફ જાય છે અને તે વલીને પૂછે છે કે આપના પત્ની સાહેબા ખૂબ જ સખ્ત સ્વભાવનાં છે ! તો તે વલી જવાબ આપે છે કે **મને જે વિલાયત રબ તરફથી મળી છે તે એના જ પ્રતાપે છે કે હું મારી પત્નીના દુર્વ્યવ્હાર પર સબ્ર કરતો રહ્યો છું !"**





હે મુસલમાનો ! પત્નીના સાથે સબ્રથી વર્તો અને વાત વાતમાં ગુસ્સે થઈને એકી ઝટકે તલાક઼ો આપવા ઉશ્કેરાઈ ન જાવ ! કે પાછળથી પસ્તાવુ પડે. સાંભળો ! કુર્આને પાકમાં રબનું ફર્માન છે :–

**وَعَاشِرُوهُنَّ بِالْمَعْرُوفِ ۚ فَإِنْ كَرِهْتُمُوهُنَّ فَعَسَىٰ أَنْ تَكْرَهُوا شَيْئًا وَّيَجْعَلَ اللّٰهُ فِيهِ خَيْراً كَثِيراً**

**(અર્થ)** : "તમારી પત્નીઓ સાથે નેકી તથા ભલાઈપૂર્વક જીવન વિતાવો, શક્ય છે કે તમે કોઈ વાતને નાપસંદ કરો, અને તેમાં અલ્લાહે અઢળક ભલાઈ રાખી હોય." *(સૂરએ નિસાઅ–૧૯)*

સાંભળો ! તમે જો અલ્લાહ તથા રસૂલ પર ઈમાન રાખો છો તો તેમનાં ફર્માનોને લક્ષમાં રાખો, રસૂલે પાક ﷺ તથા સહાબા તથા અવલિયાએ કિરામ رِضْوَانُ اللّٰهِ تَعَالٰى عَلَيْهِمْ اَجْمَعِيْن પોતાની પત્નીઓ સાથે કઈ રીતે રહેતા હતા તેનો અભ્યાસ કરો અને સબ્રથી તેમના નક્શે ક઼દમ પર ચાલીને તમારી દુનિયા તથા આખેરતને ખુશ્નુમા બનાવો.

## અલ્લાહની નજરમાં નેક સ્ત્રી કોણ ?!

મારી બહેનો ! સમજો ! તમે જે અલ્લાહ પર ઈમાન ધરાવો છો તે આપણો ખાલિક઼ માલિક ફર્માવે છે : **اَلرِّجَالُ قَوَّامُونَ عَلَى النِّسَاءِ** "મર્દ ઔરતો પર હાકિમ છે." તો જ્યારે અલ્લાહે જ તેને હાકિમ બનાવ્યો છે તો તેના પર તમે જબરદસ્તી હુકૂમત ચલાવવા ન જશો, બલ્કે પતિના આજ્ઞાપાલનને પોતાની ખુશનસીબી સમજશો. સાંભળો ! રબ તઆલા બીજે ઠેકાણે ફર્માવે છે :–

**فَالصّٰلِحٰتُ قٰنِتٰتٌ حٰفِظٰتٌ لِّلْغَيْبِ بِمَا حَفِظَ اللّٰهُ**

**(અર્થ)** : "નેક સ્ત્રી (પતિનું) આજ્ઞાપાલન કરે છે અને પતિની

ગેરહાજરીમાં (તેના માલ તથા ઈજ્જતની) રક્ષા કરે છે જે રીતે અલ્લાહ તઆલાએ રક્ષા કરવાનો હુકમ આપ્યો છે." *(સૂ. નિસાઅ–૩૪)*

સારાંશ કે રબની નજરમાં "નેક સ્ત્રી" બનવું હોય તો આ વાતોને ગંભીરતાથી લઈને પતિની આજ્ઞાંકિત પત્ની બની જાવ, તેની ખુશીમાં ખુશ રહો પછી જુઓ રબની રહમતો તમારા જીવનને કેવું ખુશ્નુમા બનાવી આપે છે.

## સુખ સગવડો માટે પતિ પણ દબાણ ન કરો !

એકવાર બની કરૈઝાને ફતહ કર્યા બાદ માલે ગનીમત મુસલમાનોના હાથ લાગતાં નબી કરીમ ﷺની પાક બીવીઓએ પણ અધિક ખર્ચાની માંગણી કરી. આપ ﷺને એ પસંદ ન પડયું તો એક મહિનો બીવીઓથી અલગ રહેવાની ક઼સમ ખાધી. મહિનાને અંતે આ આયત નાઝિલ થઈ :–

"હે નબી ! પોતાની બીવીઓને કહી આપો, જો તમે દુનિયાની જિંદગી અને તેનો શણગાર ચાહો છો, તો આવો ! હું તમને માલ આપુ છું અને સારી રીતે છોડી (છૂટી કરી) આપું. અને જો તમે અલ્લાહ અને એના રસૂલ અને આખેરતનું ઘર (જન્નત) ચાહો છો તો બેશક ! તમારામાંથી નેકીઓવાળીઓ માટે મહાન બદલો તૈયાર કરી રાખ્યો છે." *(સૂ. અહઝાબ, ૨૮, ૨૯)*

આ બનાવ મુસ્લિમ સ્ત્રીઓના સબક માટે છે કે તેણીઓએ પતિ સાથે દુનિયાની જાહોજલાલી માટે દબાણ કે કંકાસ ન કરવો, તેણીઓ જો દુનિયામાં સૌથી સાદાઈથી રહેશે તો તેને આખેરતમાં અલ્લાહ, રસૂલ તથા જન્નત મળશે. નેક સ્ત્રીઓ માટે આ મહાન બદલો છે.





## પતિની નાફ઼ર્માનીની ભયાનક સજાઓ !

હઝરત ઈબ્ને અબ્બાસ رضي الله عنهماથી રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺએ ફ઼ર્માવ્યું, "મને જહન્નમની આગ દેખાડવામાં આવી. **જહન્નમમાં તે સ્ત્રીઓની સંખ્યા અધિક હતી જેઓ નાશુક્રી કરે છે.** પૂછવામાં આવ્યું, શું અલ્લાહની નાશુક્રી કરે છે ? ફ઼ર્માવ્યું, **પતિની નાફ઼ર્માની કરે છે અને તેના એહસાનોનો શુક્ર અદા નથી કરતી.** જો તમે આખુ જીવન તેણી સાથે એહસાન કરતા રહો અને જો કેવળ એક દિવસ તેણી તમારાથી કોઈ નાપસંદ વાત જુએ તો કહે છે કે મને તમારાથી કોઈ ભલાઈ મળી નથી." *(બુખારી, ૧/૯)*

હદીષમાં છે : પતિએ પત્નીને બોલાવી, તેણીએ ના પાડી અને પતિએ ગુસ્સામાં રાત પસાર કરી તો **સવાર સુધી તે સ્ત્રી પર ફ઼રિશ્તા લઅનત** મોકલતા રહે છે. બીજી રિવાયતમાં છે : જયાં સુધી પતિ તેણીથી રાજી ન થાય ત્યાં સુધી **અલ્લાહ તે સ્ત્રીથી નારાજ** રહે છે. એક હદીષમાં છે : તેણીની કોઈ **નમાઝ** તથા **ઈબાદત ક઼બૂલ નથી થતી.**

બીજી હદીષમાં છે : હઝરત ઈબ્ને અબ્બાસ رضي الله عنهماથી રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺએ ઈર્શાદ ફ઼ર્માવ્યો, "પત્ની પર પતિનો હક઼્ક઼ એ છે કે જયારે પતિ તેણીને (નિકટતા માટે) બોલાવે તો તુરત આવી જાય ભલે તેણી તે વખતે સફ઼ર માટે ઊંટની પીઠ પર હોય, તેની રજા વિના નફ઼્લ રોઝા ન રાખે અને જો રાખશે તો ક઼બૂલ નહીં થાય, તે કેવળ ભૂખ તથા તરસ છે અને ઘરેથી તેની રજા વિના ન નીકળે, જો ગઈ તો આસ્માનના ફ઼રિશ્તા, રહ્‌મતના ફ઼રિશ્તા તથા અઝાબના ફ઼રિશ્તા સૌ તેણી પર લઅનત કરશે જયાં

સુધી તેણી પાછી નથી આવી જતી." *(મજમઉઝ઼ ઝવાઈદ, ૪/૩૦૭, બરકાતે શરીઅત)*

'લઅનત' એટલે અલ્લાહથી રહ્‌મતથી વંચિત થઈ જવું ! તો જે રબની રહ્‌મતથી વંચિત થઈ જાય તેનો શો અંજામ થશે ?! અને હદીષે પાકમાં છે કે, "જો હું કોઈને સિજદો કરવાનો હુકમ આપત તો જરૂર સ્ત્રીઓને હુકમ આપત કે તેઓ પોતાના પતિઓને સિજદો કરે ! અને જો કોઈ શખ્સ પોતાની પત્નીને હુકમ આપે કે લાલ પહાડને કાળો અને કાળાને લાલ કરી આપે, તો સ્ત્રી પર એ હક્ક઼ બને છે કે તેણી એવું કરે." *(ઈબ્ને માજહ–૧૩૩, બરકાતે શરીઅત)*

હે પ્યારી બહેનો ! જો અલ્લાહ વ રસૂલ عَزَّوَجَلَّ وَصَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ થી મહોબ્બત છે તો આ હદીષોને વારંવાર વાંચો અને સમજી લો કે **તમારી બંને જહાનમાં ભલાઈ પતિના આજ્ઞાપાલનમાં જ છે.** સાંભળો ! એક હદીષમાં નબી કરીમ ﷺએ ફર્માવ્યું : "ક઼સમ છે તે જાતની જેની કુદરતના તાબા હેઠળ મારી જાન છે ! સ્ત્રી ખુદાનો હક્ક઼ ત્યાં સુધી અદા નથી કરી શકતી જ્યાં સુધી પોતાના પતિનો હક્ક઼ અદા નથી કરતી." *(ઈબ્ને માજહ–૧૩૩, બરકાતે શરીઅત)*

હે પ્યારી બહેનો ! સાંભળો ! જો તમે પતિની આજ્ઞાંકિત બની જશો તો અલ્લાહના રસૂલ ફર્માવે છે કે, "સ્ત્રી જ્યારે પાંચેવ નમાઝો પઢે અને રમઝાન માસના રોઝા રાખે અને પોતાની ઈજ્જતની હિફાઝત કરે અને પતિનું આજ્ઞાપાલન કરે તો તેણીને કહેવામાં આવશે કે **જન્નતના જે દરવાજેથી ઈચ્છે દાખલ થઈ જા !"** *(મજમઉઝ઼ ઝવાઈદ, ૪/૩૦૬, બરકાતે શરીઅત)*

હે પ્યારા દીની ભાઈઓ ! તથા બહેનો ! આપણે મુસલમાન છીએ અને **ભલાઈનો માર્ગ આપણે કુર્આન તથા હદીષ**





**પરથી શીખવો જોઈએ, નહીં કે પિક્ચરના હીરો હીરોઈન કે ટી.વી સીરિયલના કલાકારો થકી ! એ સૌ બિકાઉ માલ છે, એઓ પૈસાના ખાતર સર્વ કાંઈ જિસ્મ તથા ઝમીર સર્વના સોદા કરી નાખે છે અને તેની સ્ટોરીઓ કાલ્પનિક તથા બનાવટી હોય છે.** માટે મુસલમાન ભાઈઓએ નબી કરીમ ﷺને પોતાના આઈડિયલ બનાવવા જોઈએ અને બહેનોએ નબી કરીમ ﷺની લાડલી બેટી હઝરત ફાતિમા ઝહરા رَضِیَ اللّٰهُ عَنۡهَا ને આઈડિયલ બનાવવાં જોઈએ કે કેટલી તકલીફોમાં હઝરત ફાતિમા ઝહરા رَضِیَ اللّٰهُ عَنۡهَا પતિને પણ રાજી રાખતાં હતાં તથા અલ્લાહની પુષ્કળ ઈબાદત પણ પાબંદીથી કરતાં અને બાળકોની પરવરિશ પણ કરતાં હતાં, પર્દો તથા શરીઅતનાં ચુસ્ત પાબંદ હતાં, બુઝુર્ગોને દીનનાં જીવન ચરિત્રોને, તેમના અખ્લાક઼ તથા અમલોને વાંચી આપણું જીવન તેમના નક્શે ક઼દમ પ્રમાણે ઢાળવામાં આવે તો કોઈ ફરિયાદ ઉઠશે નહીં અને દરેકનું જીવન ખુશ્નુમા તથા સંતોષકારક બની જશે.

## ઈસ્લામમાં તલાક઼ની જોગવાઈ શા માટે અને તેની પદ્ધતિ

હા ! જ્યારે પતિ પત્ની વચ્ચે સર્વ પ્રયાસો સમજાવટો છતાં કોઈ કાળે મનમેળ થતો જ નથી, અને એક મેક સાથે રહેવા તૈયાર જ નથી થતાં તો હવે જબરદસ્તી તેમને સાથે રાખી ક્લેશયમ જીવન જીવાડવા કરતાં રાજીખુશીથી તેમના છૂટા પડવામાં જ ભલાઈ છે કે દરેક પોતાની આગલી મંઝિલ ભણી પ્રયાણ કરતાં ચાલે. અને એટલા માટે ઈસ્લામે તલાક઼ આપવાની જોગવાઈ રાખેલી છે. જો સ્ત્રીને જુલ્મ થતો હોય તેવા ઘરમાં રહેવા દેવામાં આવે અને તલાક઼ની જોગવાઈ જ ન હોય તો પછી એ તેણી પર અત્યાચાર

નથી તો શું છે ? અન્ય ધર્મોમાં એકવાર લગ્ન પછી છૂટા પડવાની જોગવાઈ ન હોવાના કારણે અસંખ્ય સ્ત્રીઓએ આપઘાત કરેલા છે તથા સળગાવી દેવામાં આવી છે. અને ક્યાંક સ્ત્રી પણ જુલ્મ કરતી હોય તો ઘરવાળાનું સૌનું જીવન અશાંત થઈ જાય. પણ ઈસ્લામમાં આવા સંજોગોમાં તલાક઼ આપી પત્નીને છૂટી કરવાનો હુકમ છે. પણ તલાક઼ આપતાં પહેલાં અમુક ક્રિયા પ્રતિક્રિયા કરવામાં આવશે જેથી જો પતિ કે પત્નીને તલાક઼ પછીના સંજોગોની તકલીફોનો એહસાસ થાય તો શક્ય છે બંનેમાં સુધારો આવી જાય અને ફરી જીવનની ગાડી સારી રીતે દોડવા લાગે.

## તલાક઼ આપતાં પહેલાંનો કુર્આની હુકમ

રબ તઆલા ફર્માવે છે :–

**وَالّٰتِىۡ تَخَافُوۡنَ نُشُوۡزَهُنَّ فَعِظُوۡهُنَّ وَاهۡجُرُوۡهُنَّ فِى الۡمَضَاجِعِ وَاضۡرِبُوۡهُنَّ‌ ۚ فَاِنۡ اَطَعۡنَكُمۡ فَلَا تَبۡغُوۡا عَلَيۡهِنَّ سَبِيۡلًا‌ ؕ اِنَّ اللّٰهَ كَانَ عَلِيًّا كَبِيۡرًا ۔ وَاِنۡ خِفۡتُمۡ شِقَاقَ بَيۡنِهِمَا فَابۡعَثُوۡا حَكَمًا مِّنۡ اَهۡلِهٖ وَحَكَمًا مِّنۡ اَهۡلِهَا ۚ اِنۡ يُّرِيۡدَاۤ اِصۡلَاحًا يُّوَفِّقِ اللّٰهُ بَيۡنَهُمَا ؕ اِنَّ اللّٰهَ كَانَ عَلِيۡمًا خَبِيۡرًا ۔**

**(તર્જુમો)** : "અને જે સ્ત્રીઓ બાબતે હુકમનું ઉલ્લંઘન કરવાનો તમને ભય હોય તો તેણીઓને સમજાવો અને એવી તેણીઓથી અલગ સૂઓ, અને એવી તેણીઓને મારો, પછી જો તેણીઓ તમારા કહ્યામાં આવી જાય તો તેણીઓ પર વધુ (પગલાં લેવા)નો કોઈ માર્ગ ન ઈચ્છો. બેશક ! અલ્લાહ ઉચ્ચ મહાન છે. અને જો તમને પતિ પત્નીની લડાઈની બીક હોય તો એક પંચ પુરૂષવાળાઓ તરફથી મોકલો અને એક પંચ સ્ત્રીવાળાઓ તરફથી, આ બંનેવ જો સુલહ કરાવવા ઈચ્છશે તો અલ્લાહ તેમનામાં મેળ કરી આપશે, બેશક ! અલ્લાહ જાણનાર ખબરદાર છે." *(સૂ. નિસાઅ, ૩૪, ૩૫)*





**તફસીર** : જો તમને તેણીઓની નાફર્માનીની સંપૂર્ણપણે જાણકારી થઈ જાય તો એકદમ જ ગુસ્સાથી બેક઼ાબૂ બની અંતિમ પગલુ (ત્રણ તલાક઼) ન ભરો બલ્કે પહેલાં તેણીઓને નમ્રતાપૂર્વક સમજાવો, જો સમજાવટથી અસર ન થાય તો પછી તેણીથી બિસ્તર અલગ કરી દો અને પ્રેમપૂર્વકની વાતો કરવાનું ત્યજી દો. તે સ્ત્રી જેમાં શરાફતની હૂંફ હજી બચી હશે તો તે આટલાથી પોતાની સુધારણા કરી લેશે. પરંતુ જો આ તરીક઼ો પણ લાભદાયી પુરવાર ન થાય તો પછી તમે તેણીને મારી પણ શકો છો, પરંતુ માર એટલો સખત ન હોય જેનાથી શરીર પર ચૌટ આવી જાય. (કુર્તબી) અને હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما થી તો સ્પષ્ટતા છે કે જો મારવાના સંજોગો આવી પડે તો મિસ્વાક અથવા એ પ્રકારની કોઈ હલકી ફુલકી ચીજ વડે મારે. આજકાલ જાહિલો પત્નીઓને ઢોર માર મારે છે એની ઈજાઝત ઈસ્લામમાં સદંતર નથી. અને જો સ્ત્રી પોતાનો વર્તાવ બદલી નાખે અને પતિની આજ્ઞાંકિત બની જાય તો પતિ પણ પોતાનું વર્તન બદલી નાખે અને તેના પર હાથ ઉઠાવવાથી એકદમ દૂર રહે. **આ હુકમ તે ખુદાનો છે જે સૌથી ઉચ્ચ અને સૌથી મહાન છે તેના હુકમની અવગણનાનાં પરિણામો ખૂબ જ દર્દનાક છે.**

પરંતુ જો આપસની કોશિશ સુધારણા માટેની લાભદાયી પુરવાર ન થાય અને એવી અસરો જણાય કે સંજોગો પર ક઼ાબૂ કરવામાં ન આવ્યો તો મામલો તલાક઼ સુધી પહોંચી જશે તો એ વખતે ક્યાં તો પતિ પત્ની પોતપોતાના તરફથી એક એક પંચ નક્કી કરે જે એમની ફરિયાદ સાંભળીને તેનો આપસમાં નિવેડો લાવી આપે અથવા બંને કુટુંબો પંચ નક્કી કરે. અને જો મામલો અદાલત સુધી પહોંચી ગયો તો પછી હાકિમે જોઈએ કે ઉતાવળે નિર્ણય લઈ તેમનામાં

જુદાઈ ન કરી આપે બલ્કે પંચ થકી તેમની સુધારણાની ભરપુર કોશિશ કરે અને જો પંચોએ નિખાલસ નિય્યતે સુધારણાની કોશિશ કરી તો અલ્લાહની તૌફીક઼ જરૂર એમાં સામેલ થશે. *(ઝિયાઉલ કુર્આન, ભાગ–૧, પેજ–૩૪૩)*

## તલાક઼ આપવાનો કુર્આની ક઼ાયદો

પતિ પત્નીમાં મેળના સર્વ પ્રયત્ન નિષ્ફળ જાય અને જો સંબંધ કટ કર્યા વિના કોઈ ચારો ન રહે તો પતિ પોતાની પત્નીને જ્યારે તેણી માસિક સ્ત્રાવ (હૈઝ)થી ફારિગ થાય તો સંભોગ કરતા પહેલાં **એક તલાક આપે.** પછી જ્યારે બીજા મહિને તેણી હૈઝથી પાક થાય તો સંભોગ પહેલાં **બીજીવાર તલાક આપે.** હજી સુધી તે રુજૂઅ (તલાક઼ પરત) કરી શકે છે. પછી ત્રીજા મહિને જ્યારે સ્ત્રી હૈઝથી પાક થાય તો સંભોગ પહેલાં **ત્રીજી તલાક આપે. હવે નિકાહનો સંબંધ હમેશાંના માટે તૂટી ગયા.** પુરૂષને આટલી મોહલત જે આપવામાં આવી તો તેનું કારણ એ છે કે **પુરૂષ પોતાના તે ફેંસલા પર એકવાર નહીં, વારંવાર વિચાર કરે અને જો પોતાના એ ફેંસલાને પરત લેવા ચાહે તો બે વાર સુધી પાછો લઈ શકે છે,** પરંતુ જો તેણે ત્રીજીવાર પણ તલાક઼ આપી દીધી તો જાણે તેણે એ એલાન કરી આપ્યું કે તે આ સ્ત્રીને કોઈ પણ ભોગે પોતાની સાથે રાખવા નથી ચાહતો. એના પછી એને એ હક્ક઼ નથી કે ફરી રુજૂઅ કરે, (પરત લે). *(હવાલો ઉપર મુજબ)*

## તલાક઼ના પ્રકારો તથા ઈદ્દત તેમજ હલાલા વિશે સમજૂતી

તલાક઼ના ત્રણ પ્રકાર છે :–

(૧) **રજઈ** (૨) **બાઈન** અને (૩) **મુગલ્લઝહ**





૦૧. **રજઈ** : ઉપરોક્ત લખાણમાં પ્રથમ જે દર્શાવી તે રજઈ **(એકવારની) તલાક઼** છે તેનો મતલબ એ છે કે **પતિ ઈદ્દતની અંદર રજઅત કરી શકે (તલાક઼ પાછી ખેંચી શકે)** છે, ભલે સ્ત્રી રાજી હોય કે ન હોય. અને **ઈદ્દત જતી રહે તો સ્ત્રીની મરજીથી નિકાહ કરી શકે** છે. ''હલાલા''ની જરૂરત નથી.

૦૨. **બાઈન** : (બીજી વારની તલાક઼) આ તલાક઼નો મતલબ એ છે કે **સ્ત્રીની મરજીથી પતિ ઈદ્દતની અંદર નિકાહ કરી શકે છે કે ઈદ્દત પછી પણ ''હલાલા''ની જરૂરત નથી.**

૦૩. **મુગલ્લઝા** : (ત્રીજી તલાક઼) આ તલાક઼નો મતલબ એ છે કે **પત્ની ''હલાલા'' વિના પ્રથમ પતિ માટે જાઈઝ થશે નહીં.**

## મૂળ પતિના નિકાહમાં ફરી આવવા હલાલાની રીત

હલાલાની રીત એ છે કે તલાક઼ જો સ્ત્રી મદખૂલા (પતિથી સંભોગ પામેલી) છે તો ઈદ્દત પૂરી થયા બાદ બીજા સાથે નિકાહ કરે, તેની સાથે સંભોગ કરે. (કમસે કમ પુરૂષના ગુપ્તાંગનો સોપારી જેવો ભાગ સ્ત્રીના ગુપ્તાંગમાં પ્રવેશ પામે એટલું તો થવું જ જોઈએ) હવે એ બીજા પતિના મૃત્યુથી કે તલાક઼ આપવાથી ફરી ઈદ્દત પૂર્ણ થયા બાદ પ્રથમ પતિ સાથે નિકાહ કરી શકે છે. અને જો પ્રથમ પતિથી તલાક઼ પામેલ સ્ત્રી મદખૂલા (પતિથી સંભોગ પામેલ) નથી તો પ્રથમ પતિના તલાક઼ આપ્યા બાદ તરત જ બીજા સાથે નિકાહ કરી શકે છે, એટલા માટે કે નિકાહ પછી જો પતિથી સંભોગ નથી કર્યો તેવી સ્ત્રી (ગૈર મદખૂલા) માટે ''ઈદ્દત'' નથી. *(આલમગીરી, બહારે શરીઅત વગેરે)*

**ચેતવણી** : ઘણા લોકો વગર વિચાર્યે તલાક઼ આપી દે છે પછી ક઼ાયદા મુજબ હલાલો કરાવ્યા વિના જ તે તલાક઼વાળી સાથે પતિ પત્ની જેમ રહે છે તેઓ જહન્નમના અઝાબને વહોરી રહ્યાં છે એ ન ભૂલે. કારણ કે **તલાક઼વાળી સાથે પતિ પત્ની જેમ રહેવું, સંભોગ વગેરે કરવું હરામ તથા ઝિના** છે. માટે ઉપર દર્શાવ્યા મુજબ તલાક઼વાળી સ્ત્રી **હલાલો કરે તો જ મૂળ પતિ સાથે ફરી ઘર કરી શકે** છે.

**ઈદ્દત** : એટલે એ સ્ત્રીનો સમયગાળો જેમાં તેણી નિકાહ નથી કરી શકતી, ન તેનો પયગામ આપી શકાય છે, એ સર્વ **હરામ** છે. તલાક઼ પામેલી કે પતિ મૃત્યુ પામે તેવી **સગર્ભા પત્નીની ઈદ્દત સુવાવડ થતા સુધી** છે. અને **વિધવા** જો સગર્ભા ન હોય તો તેની **ઈદ્દત ચાર મહિના દસ દિવસ** છે. અને જો તલાક઼વાળી મદખૂલા (પતિથી સંભોગ પામેલી) સ્ત્રી જો **પંચાવન વરસ**ની હોય અથવા **નાબાલિગ** હોય તો **તેની ઈદ્દત ત્રણ મહિના** છે. અને **તલાક઼વાળી** સ્ત્રી જો સગર્ભા, નાબાલિગ કે ૫૫ વરસની ન હોય એટલે કે **હૈઝવાળી (માસિકવાળી) હોય** તો તેની **ઈદ્દત ત્રણ હૈઝ** છે, ભલે આ ત્રણ હૈઝ ત્રણ મહિના કે ત્રણ સાલ કે એથી અધિકમાં આવે.

## તલાક઼ આપતા પહેલાં ખૂબ વિચારજો !

તો આ સર્વ હતી તલાક઼ તથા તેના પછી મૂળ પતિ સાથે ફરી નિકાહ માટે હલાલો કરવાની તથા ઈદ્દત વિશેની માહિતી. પણ માણસે શાંતચિત્તે દરેક વસ્તુનો વિચાર કરવો જોઈએ અને વાત વાતમાં ઉશ્કેરાઈને ગુસ્સાભેર ધડાધડ "તલાક઼ ! તલાક઼ ! તલાક઼ ! ની ગોળીઓ છોડવી ન જોઈએ, નહીં તો સમાજમાં પણ ફજેતી થશે અને જે અસહ્ય માનસિક વિટંબણાઓ પોતાને, પત્નીને,





કુટુંબીજનોને વેઠવી પડશે તે અલગ છે.

બીજું એ વિચારો કે **તમારી બહેન કોઈને ત્યાં પરણાવી છે તેને છોકરાં છે અથવા નથી, તો એને જો તલાક઼ આપી દેવામાં આવે અને તેણીની જિંદગી દિશાશૂન્ય અંધકારમય થઈ જાય અને એ તમારા ઘરે પિયરમાં તલાક઼ પામીને પાછી આવે તો તમારા પર શું ગુજરશે ?!** તમારાં માંબાપ પોતાની પુત્રીને તલાક઼ પામેલી નિરાશ વદને ઘરમાં આવેલી જોઈને **કેટલાં ચિંતિત થશે !** તેમની વૃદ્ધાવસ્થા હાલતમાં પુત્રીનું દુઃખ જોઈને શી હાલત થશે તે વિચારો ! બસ ! તો **જેવી તમારી બહેન તેવી તમારી પત્ની પણ કોઈની બહેન કે દીકરી જ છે !** તો તેને તલાક઼ આપીને કાઢશો તો તેમના પર શું ગુજરશે તેને ગંભીર પણ વિચારશો. જેથી કોઈ આકરૂ પગલુ ભરતાં પહેલાં થોભશો ને વિચારશો. અને તલાક઼ આપવી જ પડે તેમ હોય તો એકી ધડાકે નહીં, પણ એક એક તહર (પાકીના દિવસો)માં એક આપશો જેવું કે ઉપર દર્શાવ્યું, તો એમાં સંજોગો સુધરે અથવા **તમારો વિચાર ફરે તો તલાક઼ પાછી લઈ શકાય, પણ ત્રણ સાથે આપશો તો શરીઅતની રૂએ તમે બહુ જ મોટા જાલિમ ઠરશો, અને એ તલાક઼ો પાછી લઈ શકાતી નથી,** પછી પસ્તાશો તો કાંઈ હાથ લાગશે નહીં, માટે કોઈ પણ પગલુ ભરો તો અત્યંત સંયમ રાખશો.

## આપસમાં પ્રેમથી વર્તી ઘરને ગુલશન બનાવો !

ઘણીવાર એવું બને છે કે ઘરમાં આર્થિક રીતે કોઈ કમી નથી હોતી. ઘરની આવક, ધંધો સર્વ સારાં હોય છે, ઘરનો આદમી સર્વ સુખ સગવડો ઘરની સાચવતો હોય છે પણ સાસુ, વહુ, નણંદ તથા ભાભીના ઝઘડા તથા કંકાસની વચ્ચે આદમી પીસાતો હોય છે.

આખો દિવસ ધંધાની નોકરીની ભાંજગડમાં થાકીને કંટાળીને માણસ ઘરે આવે છે તો સૌનાં તેવરો જોઈને ઔર હતાશ થઈ જાય છે, કોઈ સરખી વાત કરતું નથી, ગમે તે બહાને ડાયરેક્ટ ઈન્ડાયરેક્ટ કટુ વાણી માં બહેન કે પત્ની તરફથી સાંભળવા મળે છે. વળી ક્યારેક તેની હાજરીમાં જ ઝઘડા શરૂ થઈ જાય છે અને આવા સંજોગોમાં તે આદમી દિમાગ ગુમાવી ગુસ્સામાં ન કરવાનું કરી બેસે છે.

ઘણે ઠેકાણે વધારે પડતું એવું બને છે કે પુત્રને પરણાવવા માટે તથા વહુને ઘરે લાવવા માં તથા બહેનો તલપાપડ હોય છે, ખૂબ ધામધૂમથી ખુશીભેર પરણાવે છે, વહુ ઘરે આવે છે તેને થોડો સમય તો ખૂબ જ લાડ પ્યારથી રખાય છે પણ સમય જતાં પછી ન જાણે પતિ પત્ની સુખેથી હસી મજાક વાતો કરતાં હોય છે તો સાસુ તથા નણંદોને જાણે અદેખાઈ થાય છે કે, "હવે બૈરીનો થઈ ગયો ! અમને ગણતો નથી !" વળી ક્યાંક સાસુ તથા નણંદો ભાભીમાં ખામીઓ કાઢી કાઢી ભાઈને ચઢાવે છે અને ઘરમાં કંકાસ શરૂ થાય છે. ક્યાંક પત્ની ફરિયાદ કરે કે, "માવડીયો છે, મને ગણતો નથી !" આ ટક ટક બંને તરફની ચાલુ રહે છે, છેવટે ભાઈ ઉશ્કેરાય છે અને ક્યારેક આવી રીતે તલાક઼ો પણ થઈ જાય છે.

તો આવી જગ્યાએ નણંદો તથા સાસુઓએ વિચારવું જોઈએ કે વહુ સાથે અમે નાહક્ક઼ ઝઘડીશું, તેની ઈર્ષા કરીશું, તેને હેરાન કરીશું તો અમારા જ વહાલા ભાઈ તથા પુત્રને તકલીફ થશે, તેને દુઃખ થશે, તે ટેન્શનમાં આવી જશે, તેના કામકાજમાં દખલ થશે અને તે જીવનથી હતાશ થઈ જશે, માટે નાહક્ક઼ વહુ સાથે ઝઘડા ન કરવા. એ જ પ્રમાણે વહુએ પણ સાસુ તથા નણંદો સાથે એવું વર્તન ન કરવું જોઈએ જેનાથી પતિ પણ પરેશાન થાય. બલ્કે





સારા વ્યવહારથી સૌનું દિલ જીતી લે અને તે એમ સમજીને કે મારા પ્રિય જીવનસાથીને અમારા ઝઘડા કંકાસથી તકલીફ પહોંચશે જેથી ગમે તે થાય મારે ઘરમાં વાતાવરણ ખુશ્નુમા રહે તે રીતે જ જીવવું. આ રીતે જો બંને પક્ષે વિચારવામાં આવશે તો ઘર ગુલશન બની જશે અને સૌ હસી ખુશી જીવન વિતાવશે.

## દરેક ઝઘડાનું મૂળ અહંમ તથા ઘમંડ છે !

સામાન્યતઃ મોટાભાગના ઝઘડા એકબીજાના અહંમ તથા ઘમંડના ટકરાવને કારણે થાય છે. પતિને બોસ હોવાનો અહંમ તથા ઘમંડ હોય છે, સાસુને ઉપરી હોવાનો, નણંદને કાંઈ જુદો તો વહુને કાંઈ જુદી ટાઈપનો ઘમંડ કે અહંમ હોય છે અને કોઈ નીચુ જ ન નમે તો મુસીબતોના પહાડ ઉદ્ભવ પામે છે. પણ આ ઘમંડ કેટલી મહાન બુરાઈ છે તે વિશે જાણો અને તેને ત્યજી દો.

ફર્માને નબવી છે :–

**કંજૂસ, ઘમંડી અને મોટાઈની આદતવાળો** જન્નતમાં જશે નહીં. ઘમંડીને હદીષમાં **ઘણો જ બુરો બંદો** કહ્યું છે. અને ખૂબ જ ભયાનક અઝાબો ઘમંડી માટે દર્શાવાયા છે. *(મુકાશફતુલ કુલૂબ)*

વળી આપણે મુસલમાન છીએ તો **ખુદાના ડર સાથે જીવવું જોઈએ** અને આપણા પ્યારા નબી ﷺનું ફર્માન ધ્યાનમાં રાખવું જોઈએ કે ઘરમાં જ નહીં, રસૂલે પાક ﷺએ તો પડોશી માટે કહ્યું કે, **"તે શખ્સ જન્નતમાં જશે નહીં જેનો પડોશી તેની આફતોથી મેહફૂઝ નથી."** *(મુસ્લિમ શરીફ, બહવાલા અન્વારુલ હદીષ)*

જ્યારે પડોશીને સતાવનાર જન્નતથી વંચિત થઈ જાય ! તો પછી ઘરમાં જ એકબીજાને રંજાડનારનો શો અંજામ આવશે ! કારણ

કે પડોશીનો તો ફક્ત એક જ હક્ક઼ છે, જ્યારે ઘરમાં સગાઈનો હક્ક઼, મુસલમાન તરીકેનો હક્ક઼ વગેરે અનેક હક્ક઼ નિભાવવાના હોય છે.

બીજી હદીષમાં છે :–

"જે અમારા **નાનાઓ પર રહમ** ન કરે, અમારા **મોટાઈઓની ઈજ્જત** ન કરે, નેકીનો હુકમ ન આપે અને બુરાઈથી ન રોકે **તે અમારાથી નથી.**" *(તિર્મિઝી, અન્વારુલ હદીષ)*

વિચારો ! રસૂલે ખુદા જ્યારે નાનાઓ પર રહમ ન કરનાર તથા મોટાંઓની ઈજ્જત ન કરનારને તે અમારાથી નથી ! એવું કહે છે, તો આપણે જો આપસમાં નાહક્ક઼ ઝઘડીએ તો આપણને પણ આ હુકમ લાગુ પડશે અને નબી પાક ﷺની નારાજગી વહોરીને આપણે ક્યાંયના રહીશું નહીં, અલ્લાહની નારાજગી વહોરીને બંને દુનિયાની તબાહી જ હાથ આવશે. માટે સર્વ ઘરના સભ્યોએ એકબીજા સાથે ઈસ્લામી જીવન પદ્ધતિ અપનાવી દિલી લાગણી પેદા કરી રહેવું જોઈએ તો મહોબ્બતની સુવાસથી ઘર મઘમઘી ઉઠશે અને ઘરનાં દરેક સભ્ય એકબીજા પર જાન નિછાવર કરી દેશે અને તમારું ઘર જન્નત સમાન બની જશે જ્યાં ચૈન સુકૂન હશે.

## સૌમાં ઈજ્જત તથા મર્તબો શાથી વધે ?

હે મુસલમાનભાઈઓ ! બહેનો ! તમે નમ્ર બનશો, પ્રેમાળ બનશો તો રબ્બે કરીમ તમારાથી રાજી થશે. જુઓ સરકારે દો આલમ ﷺ ફર્માવે છે :–

"શું હું તમને એ ચીજની ખબર ન આપું જેનાથી અલ્લાહ તઆલા ઈજ્જત આપે છે, દરજ્જા બુલંદ કરે છે ? સહાબાએ





અર્ઝ કરી, જરૂર બતાવો, યા રસૂલલ્લાહ ! (ﷺ) આપે ફર્માવ્યું, **"જે તમારાથી મોઢું ફેરવે તેનાથી દરગુઝર કરો, જેણે તમારા પર જુલ્મ કર્યો તેને માફ઼ કરી દો, જેણે તમને વંચિત રાખ્યા તેને આપો, અને જેણે સંબંધ કાપ્યા તેની સાથે સંબંધ જોડો."** *(તબ્રાની–સુન્ની ફ઼ઝાઈલે આમાલ, પેજ–૭૮૧)*

મુસલમાનો ! ઘરમાં પણ આપસમાં આ હદીષ પર અમલ કરો ! અને વિચારો કે અલ્લાહ જેને ઈજ્જત આપે તેને કોણ ઝલીલ કરી શકે ! માટે આપણે મુસલમાન છીએ તો આવી અલ્લાહ વ રસૂલની વાતો પર અમલ કરીએ તો બંને જહાનની ભલાઈઓ ખુશીઓ આપણા ક઼દમોમાં આવીને પડશે. રબ્બે કરીમ તેના પ્યારા હબીબ ﷺના સદક઼ામાં આપણને અલ્લાહ વ રસૂલ عَزَّوَجَلَّ وَصَلَّى اللهُ عَلَيْهِ وَسَلَّمَના ફર્માનો પર અમલ કરવા તથા સંપૂર્ણપણે ઈસ્લામી ઢબથી જીવન જીવવાની તૌફ઼ીક઼ અતા કરે અને અલ્લાહની નાપસંદીદા ચીજ તલાક઼ની બલાથી મેહફ઼ૂઝ રાખે. આમીન બિજાહિન્નબી કરીમ ﷺ.

## તલાક઼ સંબંધી મસાઈલ

શું ફર્માવે છે ઉલમાએ દીન તથા ઈસ્લામના મુફ઼તીઓ આ બે મસ્અલાના બારામાં કે :–

૧. ઝયદે આ પ્રમાણે લખી તલાક઼ આપી કે, "હું ફ઼લાણો", "ફ઼લાણી"નો પતિ અક્કલ અને હોશ સાથે લખી રહ્યો છું કે "હું મારી પત્ની "ફ઼લાણી"ને તલાક઼ આપુ છું.

૨. પતિએ **Email** કર્યો કે મારે તને તલાક઼ આપવી છે ફોન ઉપાડ ! મારે તને કહેવું છે, તલાક઼ ! તલાક઼ ! તલાક઼ ! ખલાસ.

***પ્રશ્નકર્તા : માસૂમ હાજી–દયાદરા***

بِسۡمِ اللّٰہِ الرَّحۡمٰنِ الرَّحِیۡمِ

**★ જવાબ : ૧ ★**

"ઝયદે" જે વખતે એવું લખ્યું કે, "હું મારી પત્ની ફલાણીને તલાક઼ આપુ છું" એ જ સમયથી તેની પત્ની પર એક તલાક઼ રજઈ લાગુ થઈ ગઈ. જો "ઝયદ" તે તેણીને ફરીથી પત્ની તરીકે રાખવા ચાહતો હોય તો "ઈદ્દત"ની અંદર "રજઅત" કરી (તલાક઼ પરત ખેંચી) શકે છે. "રજઅત" (પરત લેવાનો) મસ્નૂન તરીક઼ો એ છે કે કમસે કમ બેગવાહો સમક્ષ "ઝયદ" એવું કહે કે, "મેં ફલાણી (પત્નીનું નામ)ને મારા નિકાહમાં પાછી લીધી." અથવા કહે, "તેનાથી રજઅત કરી. જો "ઈદ્દત" પૂરી થઈ ગઈ હોય તો નવેસરથી નિકાહ કરી લે.

કુર્આનમાં ઈર્શાદ છે : اَلطَّلَاقُ مَرَّتٰنِ فَاِمۡسَاكٌۢ بِمَعۡرُوۡفٍ اَوۡ تَسۡرِیۡحٌۢ بِاِحۡسَانٍ અલ્લાહ બેહતર જાણનાર છે.

**★ જવાબ : ૨ ★**

સવાલમાં જે શબ્દો વર્ણન થયા છે કે પતિનું એ લખવું કે, "મારે તલાક઼ આપવી છે. મારે તલાક઼ કહેવી છે તલાક઼ ! તલાક઼ ! તલાક઼ !" આ શબ્દો તલાક઼ના શબ્દો નથી, બલ્કે તલાક઼ આપવાની ધમકી છે, એટલા માટે આ શબ્દોથી એ શખ્સની પત્ની પર કોઈ તલાક઼ પડી નથી. આ સ્ત્રી દસ્તૂર મુજબ પોતાના પતિના નિકાહમાં જ છે. અલ્લાહ બેહતર જાણનાર છે.

**લખનાર** : (મુફ્તી) મુહમ્મદ નસીમ

**અલ્ જવાબ સહીહ** : (સદર મુફ્તી) મુહમ્મદ નિઝામુદ્દીન રઝવી *(જામિઆ અશ્રફિયા મુબારકપુર, ૧૦–રબીઉલ અવ્વલ હિ.સ. ૧૪૩૦)*





## નિકાહવાળી તથા ઈદ્દતવાળીના બીજે નિકાહ હરામ !

કેટલીક વાર એવું થાય છે કે સ્ત્રી હજી કોઈના નિકાહમાં છે અથવા પતિએ તલાક઼ નથી આપી, અથવા પતિના તલાક઼ આપવાથી ઈદ્દતમાં છે અને હજી ઈદ્દત પૂરી થઈ નથી. વળી ક્યાંક બને છે કે પત્ની પતિથી રિસાઈને વરસ બે વરસથી પિયર નાસી આવી છે અને તેની તલાક઼ હાલ થઈ તો ઈદ્દત પહેલાં જ શાદીની ગોઠવણ થાય છે અને ઈદ્દત પહેલાં જ નિકાહ પઢાવી દેવામાં આવે છે, એમ સમજીને કે બે વરસથી પતિથી દૂર જ છે ! વળી ક્યાંક તો મસ્અલો બતાવવા છતાં નથી માનતા ! તેના સંબંધી શરીઅતનો હુકમ જુઓ :–

"જ્યારે સ્ત્રી કોઈના નિકાહ અથવા ઈદ્દતમાં હોય તો તે તેણીના નિકાહ કોઈ જાણી જોઈને બીજા સાથે પઢવા જાઈઝ નથી. જેથી નિકાહવાળી કે ઈદ્દતવાળીના નિકાહ બીજા સાથે પઢી આપ્યા તો **એ નિકાહ હરામ** છે અને ઝિનાનો દરવાજો ખોલવું છે. તેણી તથા બીજા નિકાહ પઢનાર પતિ માટે અનિવાર્ય છે કે એકબીજાથી તરત જ અલગ થઈ જાય અને જાહેરમાં તૌબા વ ઈસ્તિગફાર કરે અને **નિકાહ પઢાવનારો** સખત ગુનેહગાર, જહન્નમના અઝાબનો હક્ક઼દાર છે, તે તૌબા વ ઈસ્તિગફાર કરવા ઉપરાંત એ **નિકાહના નાજાઈઝ હોવાનું એલાન** કરે અને નિકાહની ઉઝરત પાછી આપી દે. જો એ લોકો એવું ન કરે તો મુસલમાનો તેમનો બહિષ્કાર કરે. એવા નિકાહ પઢાવનાર જાહેરમાં તૌબા ન કરે ત્યાં સુધી તેની પાછળ નમાઝ જાઈઝ નથી." *(ફતાવા ફયઝુર્રસૂલ, ભાગ–૧, પેજ–૬૬૩)*

હે મુસલમાનો ! અલ્લાહથી ડરશો અને કોઈપણ સંજોગોમાં

શરીઅતની હદો ન તોડશો, નહીં તો જહન્નમનો અઝાબ વેઠવો એટલો આસાન નથી !

## પાગલની પત્ની તલાક઼ વિના બીજા નિકાહ ન કરી શકે

એક ઠેકાણે નિકાહ બાદ પતિ પાગલ થઈ ગયો તો તેનો ઘણો ઈલાજ કરાવ્યો પણ સારું ન થયું તો ગામવાળાઓથી લખાણ લઈ તેના વાલીએ તેણીના નિકાહ બીજે કરી આપ્યા. બાદમાં તે મૂળ પતિ સારો થઈ ગયો અને પત્નીને લેવા તેના પિતા પાસે ગયો તો તેણે ગામવાળાઓનું પોતે સારો થયો એ બાબતનું લખાણ માંગ્યું. તો આ બાબતે શરીઅત શું કહે છે ? જુઓ :–

"આ સંજાગોમાં તે સ્ત્રી શરીઅતની રૂએ મૂળ પતિની જ પત્ની છે, હરગિઝ હરગિઝ બીજા સાથે તેણીના નિકાહ થઈ શકતા નથી **ત્યાં સુધી કે મૂળ પતિ મૃત્યુ ન પામે** અથવા **સારો થઈને તલાક઼ ન આપે**. (કારણ કે પાગલની આપેલી તલાક઼ પડતી નથી) કેવળ પંચ કે ગ્રામ્યજનોના લખી આપવાથી કે વાલીની ઈજાઝતથી બીજે નિકાહ કદાપિ ન થઈ શકે. જેથી **તે સ્ત્રીના બીજે નિકાહ કરાવનારા, નિકાહ કરનાર, ગવાહો અને આ નિકાહથી રાજી રહેનારા સૌ જાહેરમાં તૌબા કરે** અને તેના વાલી પર તે સ્ત્રીને તેના મૂળ પતિને ત્યાં મોકલવી વાજિબ તથા અનિવાર્ય છે. જો તે એવું ન કરે તો સૌ મુસ્લિમો તેનો બોયકોટ કરે." *(ફતાવા ફયઝુર્રસૂલ, ૧/૬૬૯)*

## સસરો વહુ સાથે ઝિના કરે તો ?!

વર્તમાન દૌરમાં ખરાબીઓ તેની ચરમ સીમાએ પહોંચી રહી





છે અને એવા બનાવો બને છે કે અલ્લાહની પનાહ ! "બાપ પોતાના પુત્રની પત્ની (વહુ) સાથે ઝિના કરે" અથવા "વાસના સાથે કેવળ હાથ જ પકડી લે" જો એવું બને તો શું હુકમ છે તથા સસરો પોતાના દીકરાની વહુ સાથે નિકાહ કરી શકે ? તેના વિશે જાણી લો :–

"ઉપરોક્ત સંજોગોમાં તે "પુત્ર" પર તેની **પત્ની હમેશાં માટે હરામ થઈ ગઈ.** હવે તે પતિ પત્ની બંને માટે અનિવાર્ય છે કે તરત જ એકબીજાથી અલગ થઈ જાય અને આપસમાં પતિ પત્નીના સંબંધો કદાપિ ન રાખે. જો તેઓ અલગ ન થાય તો લોકો તેને ત્યાં ખાવું, પીવું, ઉઠવું, બેસવું અને દરેક પ્રકારના ઈસ્લામી સંબંધો બંધ કરી દે. તેમજ પોતાના પુત્રના તલાક઼ આપ્યા બાદ પણ તેની **વહુ સાથે તે સસરાએ નિકાહ કરવા હરામ** છે. જેમ કે કુર્આનમાં છે, "તમારા નસલી પુત્રોની પત્નીઓ તમારા પર હરામ છે." *(ફતાવા ફયઝુર્રસૂલ, ૧/૫૬૯)*

## પતિ પોતાની સાસુ સાથે ઝિના કરે તો ?!

"જો પતિ પોતાની સાસુ એટલે **પત્નીની સગી** માં સાથે ઝિનામાં પડી જાય (મઆઝલ્લાહ !) તો પતિ માટે તે સાસુની પુત્રી એટલે **પોતાની પત્ની હરામ થઈ ગઈ.** *(આલમગીરી, ૧/૨૫૬)* અને સાસુ સાથે પણ નિકાહ નથી કરી શકતો, એટલા માટે કે **પત્નીની માં સાથે નિકાહ હરામ** છે.

જેમ કે કુર્આન શરીફના પારા–૪ મુહર્રમાતની આયતમાં છે : وَ اُمَّهٰتُ نِسَآئِكُمْ ઝૈદ જાહેરમાં તૌબા તથા ઈસ્તિગફાર ન કરે તો સૌ મુસલમાન તેનો બોયકોટ કરે."

બીજે ઠેકાણે છે : "જે શખ્સ પોતાની સાસુ સાથે ઝિના કરે અથવા **વાસના સાથે ચુંબન કરે** તો તેની **પત્ની હમેશાં માટે**

**હરામ** થઈ ગઈ.'' આ કેસોમાં પત્ની જો કે નિકાહથી નીકળી નથી જતી અને ન તલાક઼ પડશે, બલ્કે પતિ પર ફર્જ થશે કે તે પત્નીને છોડી આપે. એટલે કે પતિ તે પત્ની સાથે પત્ની તરીકેનો સંબંધ બાંધી શકતો નથી, પણ જો છૂટી કરવા ચાહે તો તલાક઼ આપવી પડશે. *(ફતાવા ફયઝુર્રસૂલ, ૧/૫૮૨)* એ જ પ્રમાણે ફિક઼હની કિતાબોમાં છે કે પતિ અંધારામાં કે ભૂલથી પત્નીને બદલે પોતાની પુત્રીના શરીરને વાસના સાથે સ્પર્શ કરે તો તેની પત્ની તે પતિ માટે આ જ પ્રમાણે હરામ થઈ જાય છે.

## એકની હયાતીમાં બીજી બહેન સાથે નિકાહ હરામ

આ દુનિયામાં એવા પણ દિલેર લોકો છે ખુદાનો ડર રાખતા નથી અને શરીઅતના ક઼ાનૂનોની પરવા કર્યા વિના પોતાની વાસનાઓ સંતોષવા એવું પણ કરે છે કે પત્ની નિકાહમાં હોવા છતાં તેની સગી બહેન સાથે વ્યભિચાર કરે છે અને ક્યાંક તો નિકાહ કરી ઘરમાં રાખે છે. તેના વિશે હુકમ જુઓ :–

''એક પુરૂષનું બે સગી બહેનોને એક સમયમાં રાખવું સખત નાજાઈઝ તથા હરામ છે. મુહર્રમાતની આયતમાં એ હુકમ છે. જેથી જેણે એવું કર્યું હોય તે બીજી બહેનને તાત્કાલિક અલગ કરી દે અને જાહેરમાં તૌબા કરે. જો એ એવું ન કરે તો મુસલમાનો તેનો બોયકોટ કરે. જો મુસલમાનો એવું નહીં કરે તો તેઓ પણ ગુનેહગાર થશે.'' તેમજ આ પણ છે કે, **''તલાક઼ આપેલી પત્નીની ઈદ્દત હજી ચાલુ હોય તે દરમ્યાન તેની જ બહેન સાથે તે તલાક઼ આપનાર પતિએ નિકાહ કરવા જાઈઝ નથી.''** (ફતાવા આલમગીરી) જેથી જો તે પત્નીની ઈદ્દત પૂરી થતાં પહેલાં તેની બહેન સાથે નિકાહ કર્યા તો તે સખ્ત ગુનેહગાર થયો. તે તેણીથી





અલગ થઈ જાય અને તૌબા તથા ઈસ્તિગફાર કરે. પછી પ્રથમ પત્નીની ઈદ્દત પૂરી થયા બાદ તેની બહેનને રાખવા ચાહે તો નવેસરથી નિકાહ કરે, તો હવે શરીઅતની રૂએ વાંધો નથી. હા ! સાળી સાથે ઝિના કર્યો તો સખત ગુનો કર્યો, જહન્નમમાં પડવાનો હક્ક઼દાર ઠર્યો, પણ પત્નીના નિકાહમાં વાંધો આવશે નહીં. *(ફતાવા ફયઝુર્રસૂલ, ભાગ–૧)*

## શું નિકાહ પહેલાં દુલ્હાને કલ્મા પઢાવવા જરૂરી છે ?

''નિકાહ પહેલાં દુલ્હાને કલ્મા પઢાવવા જરૂરી નથી પણ દુલ્હા તથા દુલ્હને એને પઢવાથી ઈન્કાર કરવો ગલત છે, કેમ કે તેને પઢવું પઢાવવું **બરકત તથા રહ્મતના નુઝૂલનો સબબ** છે. હદીષમાં છે : તમારા મર્દોને **લાઈલાહ ઈલ્લલ્લાહ મુહમ્મદુર્રસૂલુલ્લાહ**ની તલ્ક઼ીન કરો. એ જ પ્રમાણે અલ્લામા શામીએ દફન બાદ કલ્માની તલ્ક઼ીનનું હદીષથી દર્શાવ્યું. *(રદ્દુલ મુહ્તાર, ૧/૫૭)* તેના ફાયદા પણ છે. અને નિકાહ વખતે ઘણા ફાયદાઓ સાથે એક ફાયદો એ પણ છે કે, **મુસલમાન તથા કાફિરોનો નિકાહ થતો નથી,** તો જો અજાણતામાં દુલ્હા કે દુલ્હન કોઈનાથી કુફ્ર થઈ ગયું હશે તો નિકાહ જ થશે નહીં અને **જીવનભર હરામકારી થતી રહેશે !** એટલા માટે પાછલા ઉલમાએ દુલ્હા દુલ્હનને નિકાહ પહેલાં કલમા પઢાવવાનું શરૂ કર્યું. એ જ પ્રમાણે શાહ અબ્દુલ અઝીઝ મુહદ્દિષ દહેલ્વી رحمۃ اللہ علیہ એ ફતાવા અઝીઝિયા, ૧/૨૮માં દર્શાવ્યું છે. ઉલમાએ એહલે સુન્નતનો દરેક અમલ હિકમતથી ભરપુર છે એના માટે જાહિલોએ ખોટી દલીલો ન કરવી. *(ફતાવા ફયઝુર્રસૂલ, ૧/૫૪૮ પરથી)*

## હાલની ક્રિશ્ચયન સ્ત્રી સાથે નિકાહ થશે નહીં !

આપણા ઘણા યુવાનો ક્રિશ્ચયન (ઈસાઈ) સ્ત્રીઓ સાથે પ્રેમજાળમાં ફસાઈને લગ્ન કરવા તૈયાર થઈ જાય છે અને લગ્ન પછી પોતે જ બેદીન થઈ જાય છે, અથવા તે સ્ત્રી મુસ્લિમ થતી નથી છતાં તેઓ પતિ પત્ની તરીકે રહે છે એના વિશે હુકમ જાણો :

"ઈસાઈ સ્ત્રી સાથે તેણીને મુસલમાન કર્યા વિના તેણી સાથે નિકાહ કરવો જાઈઝ છે. (ફતાવા આલમગીરી, પેજ–૨૬૩) પરંતુ ઈસાઈ સ્ત્રી સાથે નિકાહ ન કરવા બેહતર છે કે એમાં ઘણી ખરાબીઓનો દરવાજો ખુલે છે. ફતાવા આલમગીરીના એ જ પેજ પર છે :–

.......અને **ઈસાઈ સ્ત્રી સાથે નિકાહ ત્યારે જ જાઈઝ છે જ્યારે કે તે પોતાના એ જ (અસલ) ઈસાઈ મઝહબ પર હોય,** અને જો **કેવળ નામ માત્રની ઈસાઈ હોય** અને વાસ્તવમાં **નેચરી** તથા **નાસ્તિક હોય** જેમ કે **હાલના સામાન્યતઃ ઈસાઈઓનો હાલ** છે, તો **તેમનાથી નિકાહ નથી થઈ શક્તા."** *(ફતાવા ફયઝુર્રસૂલ, ૧/૬૧૮)*

## વહાબી, દેવબંદી, શીઆ વગેરે સાથે નિકાહ થતા જ નથી !

આજકાલ ઘણા લોકો પોતે સુન્ની હોવા છતાં બદ્‌મઝહબો વહાબી, દેવબંદી વગેરે બાતિલ ફિર્ક઼ાવાળા સાથે પોતાના પુત્ર કે પુત્રીને પરણાવી દે છે તો તેઓ શરીઅતનો ક઼ાનૂન જાણી લે. આવા જ એક પ્રશ્નના જવાબમાં "ફતાવા ફયઝુર્રસૂલ" (ભાગ–૧)માં છે :–





**"દેવબંદી સાથે સુન્ની છોકરા કે છોકરીના નિકાહ થતા જ નથી.**

આલમગીરી, ભાગ–૧, પેજ–૨૬૩માં છે : (અર્થ) : **મુર્તદના નિકાહ મુર્તદ્દા સ્ત્રી, મુસ્લિમ સ્ત્રી તથા અસલી કાફિરા સ્ત્રી સાથે જાઈઝ નથી, એવી જ રીતે મુર્તદ્દા સ્ત્રીનો નિકાહ મુર્તદ તથા મુસ્લિમ તથા અસલી કાફિર પુરૂષ સાથે જાઈઝ નથી.** એ જ પ્રમાણે મબસૂતમાં છે અને **વહાબિયત સ્પષ્ટ મુર્તદપણુ (ઈર્તેદાદ) છે,** જેથી જેના અક઼ીદા વહાબી દેવબંદી મોલ્વીઓ જેવા હોય અથવા તેમના કુફ્રી અક઼ીદા જાણવા છતાં તે મોલ્વીઓને મુસલમાન જાણે તેવા છોકરા કે છોકરીના નિકાહ કોઈની સાથે થતા નથી. જે થશે તે હરામકારી થશે. જો પાછળથી ખબર પડે અથવા સુન્ની હોય અને પછીથી છોકરી કે છોકરો વહાબી થઈ જાય તો તેનાથી અલગ થઈ જાય અને (સુન્ની) **છોકરી તલાક઼ લીધા વિના બીજે નિકાહ કરી શકે છે,** કેમ કે નિકાહ થતા જ નથી અથવા કુફ્રી અક઼ીદા અપનાવ્યા બાદ તૂટી ગયા, તો તલાક઼ કેવી ? જેઓ શરીઅતના આ ક઼ાનૂનને ગંભીરપણે નથી લેતા તેઓ અઝાબે ઈલાહીના હક્ક઼દાર છે. અને જાણવા છતાં આવા નિકાહ પઢાવનારા પણ ફાસિક઼ છે કે તેઓ બે કોડીની રકમના બદલામાં જહન્નમ વહોરી રહ્યા છે." *(બહવાલા ફતાવા ફયઝુર્રસૂલ, ૧/૬૦૬, ૬૦૭)*

## દુનિયાવી કોર્ટને માનો છો કે શરીઅતના ક઼ાનૂનને ?!

આજકાલ એવું બને છે કે પતિ પત્નીમાં તલાક઼ થતાં જ્યાં સુધી તે સ્ત્રી બીજે નિકાહ નથી કરતી ત્યાં સુધી ભરણ પોષણ માટે પતિ

સમક્ષ કોર્ટમાં દાવો કરે છે. તો આ બાબતે જેઓ અલ્લાહ અને તેના હબીબ ﷺ પર તથા ક઼બ્ર, ક઼િયામત, અઝાબ, સવાબ પર ઈમાન રાખે છે તેમણે નીચે પ્રમાણે શરીઅતના ક઼ાનૂન પર અમલ કરવો જોઈએ.

"જે સ્ત્રીની તલાક઼ થાય તેના રહેવા સહેવા ભરણ પોષણની જવાબદારી પતિના માથા પર 'ઈદ્દત'ની મુદ્દત સુધી જ છે." *(બહારે શરીઅત)* ઈદ્દત પૂર્ણ થયા બાદ તે સ્ત્રીની જવાબદારી તેના માં બાપ કે વાલી વારસો, ભાઈઓ, સગાંઓની છે અને કોઈ ન હોય તો ધાર્મિક સંસ્થાઓની છે કે તેઓ તેને નિભાવે કે અન્ય ઠેકાણે પરણાવી આપે.

કેટલીક જગાએ વરસો વરસ સુધી સ્ત્રી શાદી કરતી નથી અને ગૈર ક઼ૌમની કોર્ટોમાં જાય છે અને પતિ પાસેથી જબરદસ્તી રકમ મેળવે છે અથવા તે રકમ ન આપે તો તેને જેલની સજા ખવડાવે છે. તો **આ ઈસ્લામમાં જાઈઝ નથી.** અને તેણીઓ ઈદ્દત પછી જબરદસ્તી **જે ખાય છે તે હરામ ખાય છે** અને જે માલ મેળવે છે તે **હરામ મેળવે છે.** વળી ક્યાંક તલાક઼ થતાં કોર્ટમાં ન જવા સોદો થાય છે કે આટલા હજાર આપી દો ! તો એ **સૌ સોદાબાજી હરામ** છે. મુસલમાનો ! શું શરીઅતના ક઼ાનૂનોથી તમને સંતોષ નથી ? આવું તમારું ઈમાન છે ?! હા ! જો કોઈપણ પ્રોબ્લેમ રજૂ કરવો હોય તો "ઈદારાએ શરઈય્યા" એટલે સુન્ની મુફતીઓ સમક્ષ રજૂ કરવો એમાં જ તમારી ભલાઈ છે.

## લાપતા પતિની વિવિધ સ્થિતિઓના હુકમો

પતિ લાપતા થઈ જાય અને કોઈ રીતે એ ભાળ ન મળી શકે કે તે જીવતો છે કે મૃત્યુ પામ્યો, આ સંજોગોને પતિ લાપતા હોવું




(ફુકદાને ઝવજ)અને એના પતિને મફકુદુલ ખબર (લાપતા)થી તાબીર કરવામાં આવે છે. જો કોઈ સ્ત્રી પર આ મુસીબત આવી પડે અને તે એકલાપણુ અને બેકસીની જિંદગી પસાર કરવા પર સબ્ર ન કરી શકે તો એવી તેણી માટે ઈસ્લામમાં કોઈ માર્ગ છે કે નહીં ?

એના અનુસંધાનમાં **જામિઆ અશરફિયા મુબારકપુર** થકી મુંબઈ યોજાયેલ **૧૧મા ફિક઼્હી સેમીનાર**માં ૧૯ સફર હિ.સ. ૧૪૨૬ની બીજી બેઠકમાં ઈસ્લામી ફિક઼્હના જુઝઈય્યાતને લક્ષમાં રાખીને ખૂબ બહષો થઈ પછી આ ફૈંસલા કરવામાં આવ્યા :–

ઈમામ માલિકની નજીક લાપતા પતિ (ઝવજે મફકુદુલ ખબર)ની પાંચ સ્થિતિઓ તથા તેના વિવિધ હુકમો છે તે આ મુજબ છે :–

**(અ)** પતિ ઈસ્લામી શહેરમાં વબા (પ્લેગ જેવા રોગચાળા)ના જમાના સિવાયના સમયમાં લાપતા થયો. એમાં સ્ત્રીએ **ક઼ાઝીને ત્યાં દાવો કરવાનો** છે. તે ત્યાર **પછી ચાર વરસ રાહ જોવાની** મોહલત આપશે. અને હાલ માલૂમ ન થતાં નિકાહ રદ થશે અને ઔરત **મૌતની ઈદ્દત** પસાર કરીને કોઈ અન્ય સાથે નિકાહ કરી શકશે.

**(બ)** ઈસ્લામી શહેરમાં વબાના સમયમાં લાપતા થયો. તેનો હુકમ ઈમામ માલિકને ત્યાં એ છે કે **વબા ખત્મ થતાં પત્ની મૌતની ઈદ્દત ગુજારે** પછી નિકાહ કરી લે.

**(ક)** મુસલમાનોની આપસમાં ખૂનરેજીમાં શરીક થયો પછી પતો ન લાગ્યો. એ સંજોગોમાં તેમને ત્યાં એ હુકમ છે કે **જંગ બંધ થવાના દિવસથી વફાતની ઈદ્દત ગુજારે,** ત્યારબાદ નિકાહ કરી લે.

(ડ) કાફિરોના શહેરમાં લાપતા થયો તો તેમને ત્યાં આ સંજોગોમાં હુકમ એ છે કે સ્ત્રી પતિની ઉમર **૭૦ વરસની થવાની રાહ જુએ** જ્યારે કે પતિના માલમાંથી તેનો ગુઝારો થવાની વ્યવસ્થા હોય.

(ચ) મુસલમાનો અને કાફિરોની વચ્ચે જંગ થઈ તેમાં શરીક થયો પછી પતો ન લાગ્યો. એ સંજોગોમાં હુકમ એ છે કે **ક઼ાઝીને ત્યાં હાલત દર્શાવીને નિકાહની રજા માંગે.** તે તેને **એક વરસની મોહલત** આપે, જો એ દરમ્યાન પતિની ભાળ ન મળે તો તેણી **મૌતની ઈદ્દત પસાર કરીને** નિકાહ કરી લે.

એના પર સવાલ એ હતો કે આપણા (હનફી) ફુકહાએ કિરામ શરઈ જરૂરતના આધારે ઈમામે આ'ઝમ رضی اللہ عنہ ના મઝહબથી વિમુખ થઈને ઈમામ માલિક رضی اللہ عنہ નો જે આ મઝહબ અપનાવ્યો છે કે લાપતા પતિની પત્ની કાઝીના નિશ્ચિત કરેલા નિયત સમય ચાર વરસો સુધી પતિની રાહ જોઈને કેટલીક મંઝિલોથી પસાર થયા બાદ નિકાહ કરે. શું તે વબાના (રોગચાળ ના) જમાના સિવાયમાં ઈસ્લામી શહેરમાં લાપતા પતિ સાથે ખાસ છે ? જેમ કે એ જ જાહેર છે. અથવા નિકાહ તોડવાની પાંચેવ સ્થિતિઓ માટે સર્વ સામાન્ય છે ?

આ પ્રશ્નના જવાબમાં એવું નક્કી થયું કે લાપતા (મફકૂદ)ની આ વહેંચણી તથા પ્રકારોના અલગ અલગ હુકમો કેવળ ઈમામ માલિકના મઝહબમાં છે. હનફીઓની નજીક આ વહેંચણી તથા પ્રકારો નથી. બલ્કે સર્વ પ્રકારો લાપતા (મફકૂદ)ના માટે ઈન્કેરાઝે ઈક઼રાન અને પતિના જન્મથી લઈને ૭૦ વરસો સુધી ઈન્તેઝારનો હુકમ છે.

અને જરૂરતની હાલતમાં આપણા ફક઼ીહોએ ઈમામ માલિકના





મઝહબમાં પ્રથમ વર્ણવેલ સ્થિતિ અપનાવવાનો હુકમ આપ્યો છે. અમે એવું સમજીએ છીએ કે આ સ્થિતિથી દરેક રીતે લાપતા થનાર પતિની પત્ની માટે હલ નીકળી આવે છે. એટલા માટે લાપતા ગમે તે પ્રકારમાંનો હોય પલટાવાનું આ જ સ્થિતિ પ્રતિ થશે.

તો હુકમ એ છે કે લાપતા ગમે તે પ્રકારનો હોય તેની પત્ની જો સબ્ર નથી કરી શક્તી તો (શરઈ) કાઝીને ત્યાં દાવો દાખલ કરશે. ક઼ાઝી દાવો સત્ય સાબિત થતાં **ચાર વરસની મોહલત** આપશે અને એ મુદતમાં તેહક઼ીક઼ તથા તપાસ કરશે. મૌત તથા હયાત કાંઈ માલૂમ ન થતાં **સ્ત્રી ફરી કાઝી પાસે રજૂઅ કરશે** અને તે **મૌતની ઈદ્દત ગુજારવાનો હુકમ આપશે.** પછી સ્ત્રી મૌતની ઈદ્દત પસાર કરીને કોઈ અન્ય શખ્સ સાથે નિકાહ કરી શક્શે. અલ્લાહ બેહતર જાણનાર છે.

## ભરણપોષણ વગેરે જરૂરી હક્ક઼ોથી પત્નીનું વંચિત હોવા તથા લાચારીના સબબે નિકાહ તોડવાની ઈજાઝત

પતિ પત્નીને ખોરાક, પોશાક આપવાથી તદ્દન આજિઝ તથા લાચાર હોય તો તેને "તઅસ્સુરે નફકા" કહે છે. ક્યારેક એવું થાય છે કે કોઈ ચાલાક શખ્સ બનાવટી કારોબાર જાહેર કરીને નિકાહ કરી લે છે જો કે તેની પાસે કાંઈ જ નથી હોતું. અથવા શરૂમાં કાંઈક હોય છે અને બાદમાં તે તદ્દન મુફલિસ થઈ જાય છે.

અથવા પતિ લાપતા થઈ ગયો અને ઘરે પત્નીના જીવનનિર્વાહ માટે કાંઈ પણ નથી, અને ક્યારેક એવું થાય છે કે **પતિ મૌજૂદ છે અને ખુશહાલ પણ છે પણ બેરહમ છે, મામૂલી વાત પર પત્નીને એવી સજા આપે છે કે ભરણ પોષણ તથા પત્નીને તેના અન્ય હક્કોથી વંચિત કરી આપે છે અને**

**તલાક઼ પણ નથી આપતો કે તેણી આઝાદ થઈને પોતાનો કાંઈ બંદોબસ્ત કરી શકે.** તેણી દરેક રીતે લાચાર થઈને દારુલ ઈફતાનો સહારો લે છે કે આ મુસીબતથી છૂટકારાનો કોઈ માર્ગ બતાવવામાં આવે. ત્યાંથી નિરાશ થઈ પાછી ફરે છે તો કોર્ટનો દરવાજો ખટખટાવે છે. આ પ્રકારના પુષ્કળ કેસો કચેરીઓમાં પડેલા છે અને ત્યાં જે ફેંસલા બહાર પડે છે તેનો હાલ કોઈનાથી છુપો નથી. આ પ્રકારના ગંભીર કેસોમાં ધ્યાન કરવું સમયનો એક મહત્વનો મસ્અલો હતો. એટલા માટે ઉલમાએ કિરામે સામુહિક ચિંતન મનન કરીને આ વિષયમાં નીચે પ્રમાણેના ફેંસલા બહાર પાડયા :–

## ભરણપોષણની મુશ્કેલીમાં નિકાહ તોડવા વિશે

**સવાલ** : પતિ ગરીબી તથા મુફલિસીના કારણે ભરણપોષણની વ્યવસ્થા કરવાથી લાચાર છે અને પત્ની દુ:ખ વેઠવા તૈયાર ન હોય તો શું તેને કાયમી હાજતના કારણે એ ઈજાઝત છે કે હનફી કાઝીને ત્યાં દરખાસ્ત આપે અને કાઝી તેહક઼ીક઼ કર્યા બાદ તેના નિકાહ રદ કરી આપે ?

**જવાબ** : મૂળ હનફી મઝહબ તો એ જ છે કે ભરણપોષણની મુશ્કેલીના આધારે નિકાહ રદ નથી થતા અને કાઝીને છૂટા પાડવાનો હક્ક઼ નથી. પરંતુ તકલીફ દૂર કરવાના માટે વર્તમાન સમયમાં સ્ત્રીને એ રજા છે કે હનફી કાઝીને ત્યાં પોતાની મુસીબત તથા પરેશાનીથી મુક્તિના માટે દરખાસ્ત આપે. પરંતુ ક઼ાઝી તરત જ નિકાહ રદ કરવાનો ફેંસલો બહાર ન પાડે બલ્કે નીચે પ્રમાણે તબક્કાવાર કાર્યવાહી કરે :

**(अ)** પ્રથમ એ તેહક઼ીક઼ કરે કે ઔરત ખરેખર ભરણપોષણની





મુશ્કેલીનો સતત શિકાર છે કે નહીં ? જો તેહક઼ીક઼થી સાબિત થાય કે વાસ્તવિક્તા એથી ઉલ્ટી છે, એટલે કે તેને ભરણપોષણની તકલીફ ટેમ્પરરી આવી છે, ક઼ાયમી હાજતની સ્થિતિ નથી, અથવા ભરણપોષણની મુશ્કેલી મુદ્દલે કોઈ સમસ્યા જ નથી, બલ્કે કોઈ અન્ય કારણે બંને વચ્ચે અણબનાવ પેદા થયેલો છે, તો ક઼ાઝી બંનેની ફરિયાદોનો નિકાલ લાવીને સુલેહ કરાવી આપશે. અને બંનેને સમજાવટથી એકબીજાના હક્ક઼ોની હિફાઝત કરવાની હિદાયત આપીને કેસ ખત્મ કરશે.

**(ब)** અને જો તેહક઼ીક઼થી એ સાબિત થઈ જાય કે સ્ત્રી સતત ભરણપોષણની મુશ્કેલીની પીડામાં સપડાયેલી છે અને પતિની સ્થિતિ લાચારીભર્યી છે અને પતિના હક્કમાં ક઼ાયમી હાજત તેહક઼ીક઼પૂર્ણ છે તો પતિને હુકમ આપે કે તે પોતાની પત્નીને તલાક આપીને મુક્ત કરી આપે જેથી તેના કારણે બીજી જિંદગી મુસીબતના વમળમાં ન ફસાયેલી રહે.

રબ તઆલાનો ઈર્શાદ છે :–

**فامسكوهن بمعروف اوسر حوهن بمعروف** (સૂ. બકરહ, ૨૩૧)

અને જો પતિ નરમીથી તલાક઼ ન આપે તો (કાઝી) તેની સાથે સખ્તી કરે, છતાં ન માને તો તેના બહિષ્કારનું ફર્માન જારી કરી આપે જેથી સામાજિક દબાણથી તંગ આવીને ઠેકાણે આવી જાય.

**(क)** પરંતુ પતિ જો કોઈ રીતે પણ તલાક઼ આપવા માટે તૈયાર ન થાય અને ઈન્કાર તથા નાફર્માની પર અડેલો રહે તો વર્તમાન સંજોગોમાં હવે નિકાહ રદ કરવા સિવાય ઉપાય નથી. જો તે ઈલાકામાં સુન્ની સહીહુલ અક઼ીદા શાફઈ ક઼ાઝી મૌજૂદ હોય જેમ કે કેરાલા વગેરે ઈલાકામાં છે, તો મુસ્તહસન એ છે કે હનફી ક઼ાઝી એ કેસ શાફઈ ક઼ાઝીને ત્યાં તબદીલ કરી આપે, અને શાફઈ ક઼ાઝી

જરૂરી કાર્યવાહી કર્યા બાદ નિકાહ રદ કરીને પછી (કેસ) હનફી કાઝીને ત્યાં મોકલી આપે. હનફી કાઝી ફેંસલાનો અભ્યાસ કર્યા બાદ તેને લાગુ પાડે, સાથોસાથ સ્પષ્ટતા કરી આપે કે ફરિયાદી સ્ત્રી ઈદ્દત ગુજારીને બીજી વ્યક્તિ સાથે નિકાહ કરી શકે છે.

**(ડ)** અને જો તે ઈલાકામાં સુન્ની સહીહુલ અક઼ીદા શાફઈ કાઝી મૌજૂદ ન હોય જેમ કે સામાન્યતઃ હિંદ પાક.ના ભાગોમાં એ જ હાલ છે તો મહાન હર્જ તથા સખત તકલીફના નિવારણના માટે ઈજાઝત છે કે હવે હનફી કાઝી ડાયરેક્ટ એ નિકાહ રદ કરી આપે, જેમ કે આપણા અહલે સુન્નત અકાબિરે મફકૂદુલ હાલ (લાપતા પતિ)ના વિષયમાં એ જ માર્ગ અપનાવ્યો કે માલિકી કાઝી ન મળવાના સબબે હનફી કાઝીને ડાયરેક્ટ નિકાહ રદ કરવાની ઈજાઝત આપી. અને આજે તમામ અહલે સુન્નતનો એના પર અમલ ચાલુ છે. અલ્લાહ બેહતર જાણનાર છે.

પતિ ગરીબી કે તંગદસ્તીનો શિકાર નથી પણ સ્ત્રી ભરણપોષણથી વંચિત છે. તો એની ચાર સ્થિતિઓ છે :–

**૧.** પતિ લાપતા છે એટલે એવો લાપતા છે કે જેની મૌત તથા હયાતની ભાળ ન મળી શકે. સાથોસાથ રકમ વગેરે પણ ન હોય જેનાથી પત્નીનો ગુજારો થઈ શકે.

**૨.** પતિ ગાયબ હોય અને એ ખબર ન હોય કે ક્યાં છે ? ક્યારે આવશે ? હા ! એવું માલૂમ હોય કે તે જીવતો છે, ભલે ક્યાંય પણ હોય, તો એને ફિક઼્હની બોલીમાં **"ગયબતિ મુન્કતઆ"** કહે છે.

**૩.** પતિ ગાયબ હોય પણ "ગયબતિ મુન્કતઆ"ન હોય, એટલે કે ખબર હોય કે ફલાણી જગાએ છે પણ આવતો નથી અને ન તો તેના થકી કોઈ રીતે ભરણપોષણ હાંસલ થઈ શકે છે.





**૪. પતિ મૌજૂદ છે પણ તેણે પત્નીને લટકાવી રાખી છે,** ન તલાક આપીને તેણીને આઝાદ કરે છે, ન તો તેના હક્કો, ભરણપોષણ વગેરે અદા કરે છે.

જાહેર છે કે આ સંજોગોમાં જેવી રીતે પત્ની ભરણપોષણથી વંચિત છે તેવી જ રીતે પત્નીત્વના હક્કોથી પણ વંચિત છે. જેના કારણે વર્તમાનકાળમાં મોટાભાગે અથવા ઘણી સ્ત્રીઓનું ગુનાહમાં પડવાનો મહાન ભય ખડો છે. આ ખૂદ એક સખત તકલીફ તથા મુસીબત છે.

**હુકમો** : **(૧)** પતિ લાપતા હોય જેના કારણે ભરણ પોષણની મુશ્કેલ સ્થિતિ પેદા થઈ ગઈ તેનો હુકમ ઈમામ માલિક તથા ઈમામ અહમદ ઈબ્ને હંબલ رضی اللہ عنہماને ત્યાં એ છે કે નિકાહ રદ કરવો જાઈઝ છે. અને એ જ ઈમામ શાફઈ رحمۃ اللہ علیہ નો પણ કૌલ છે જેને મોટા પ્રમાણના શાફઈ ફકીહોએ અપનાવ્યો છે.

માલિકી ફિક઼્હની વિશ્વસનીય કિતાબ "મુખ્તસરુલ અલામીતિલ ખલીલ" અને તેની શરહ (ખુલાસો) "મિન્ખ્લે જલીલ" (ભાગ–૪, પેજ–૨૦૩)માં આ લખાણ છે કે જો લાપતા થયેલ પતિએ ઘરે એટલો માલ છોડયો છે જેના થકી પત્ની પોતાના ભરણપોષણની વ્યવસ્થા કરતી રહે, સાથોસાથ વાસનાના પ્રભાવ હેઠળ ગુનાહમાં પડવાનો ભય ન હોય તો કાઝી પત્નીની માંગણી પર ચાર વરસ સુધી પતિની રાહ જોવાની મોહલત આપશે. અને જો તેના માટે પતિના માલની ભરણ પોષણની વ્યવસ્થા ન હોય તો ભરણ પોષણ ન હોવાને કારણે કાઝી ખરેખર તેહકીક઼ કર્યા બાદ તેનો નિકાહ તરત રદ કરી આપશે. તે જ પ્રમાણે જો સ્ત્રીને વાસનાના પ્રભાવના કારણે ગુનાહમાં પડવાનો ભય હોય તો પણ કાઝી તેના નિકાહ કોઈ હદ નક્કી કર્યા વિના રદ કરી આપશે.

હનફી આલિમોએ લાપતા પતિની પત્નીના બારામાં ઈમામ માલિકની જે તકલીદ કરી છે અને પત્નીના માટે ચાર વરસની મુદ્દત નિશ્ચિત કરી છે તે એ જ શરતોની કાળજીની સાથે છે. જ્યારે શરઈ જરૂરતના કારણે પોતાના મઝહબ (મસ્લક)થી વિમુખ થઈને ચાર વરસની રાહ જોવી (તાજીલ) જાઈઝ છે તો ભરણ પોષણની કમી તથા ગુનાહના ડરની સ્થિતિમાં આ જ પ્રકારની શરઈ જરૂરતની બિના પર હવે રાહ જોયા વિના (બિલા તાજીલ) નિકાહ રદ કરવાની ઈજાઝત છે.

**(૨)** 'ગયબતે મુન્કતઆ'ની સ્થિતિમાં શૈખુલ ઈસ્લામે એ બયાન ફર્માવ્યું કે જે ક઼ાઝીના મઝહબમાં ભરણ પોષણની મજબૂરીના સબબે નિકાહ રદ કરવો જાઈઝ હોય, હનફી ક઼ાઝી તેને ત્યાં કેસ તબદીલ કરીને નિકાહ રદ કરાવી આપે. *(ફ઼તાવા હિંદિયહ, ભા–૧, પેજ–૫૫૦, ૫૫૧)*

**(૩)** 'ગયબતે ગયર મુન્તકતઆ'ની સ્થિતિમાં જ્યારે ભરણ પોષણ પામવું મુશ્કેલ થઈ જાય તો તે પણ 'ગયબિતે મુન્કતઆ'ની જેમ છે એટલા માટે એમાં પણ 'ગયબતે મુન્કતઆ'નો હુકમ છે. એના કાઈલ (માનનાર) હનફી ફિક઼હના જલીલુલકદર ઈમામો તથા ફક઼ીહો છે.

**(૪)** પ્રથમ આપણા મઝહબ (મસ્લક)ના વર્તુળમાં રહીને કાંઈક અસરકારક તદબીરો અજમાવવામાં આવે. તે અસરવિહોણી થઈ જાય તો કોઈ હનફી ક઼ાઝીને ત્યાં કેસ દાખલ કરે અને તે તહક઼ીક઼ કર્યા બાદ નિકાહ રદ કરવાનો ફૈંસલો કરી આપે.

પ્રથમ, બીજી તથા ત્રીજી સ્થિતિમાં પણ હુકમ એ જ છે કે પ્રથમ મુશ્કેલી દૂર કરવાની તદબીરો પોતાના મઝહબ (મસ્લક)ના





વર્તુળ હેઠળ રહીને અપનાવવામાં આવે. તે અસરવિહોણી થઈ જાય તો અંતિમ પગલા રૂપે નાચાર થઈને નિકાહ રદ કરવાના ફૈંસલાની ગુંજાઈશ પણ છે.

તદબીરો આ પ્રમાણે છે :–

**(૧)** પ્રથમ છોકરીને સબ્ર તથા શુક્ર અને ખૌફે ખુદાની તલ્કીન કરે, રોઝા રાખવાની હિદાયત આપે. સાથોસાથ તેના ઘરવાળાંઓને અને અમુક ભલા માણસોને તેના ભરણ પોષણની વ્યવસ્થા માટે પ્રોત્સાહિત કરે. દુનિયા ભલા માણસોથી ખાલી નથી, કાંઈ ન કાંઈ વ્યવસ્થા કરે જ છે. અને હાલ પણ હજારો સ્ત્રીઓ સાબિરા, શાકિરા, ખાઈફા, ખાઈશા (સબ્ર શુક્ર તથા ખુદાના ડરવાળી) જોવા મળે છે. શક્ય છે તેણી તેઓમાંથી બને અને તલ્ક઼ીન ક઼બૂલ કરી લે. પછી જો તેણી બીજીવાર ફરિયાદ કરે તો પણ હિદાયત તથા તલ્ક઼ીન કરીને ક઼ાઝી તેણીને પાછી મોકલી આપે. પરંતુ જો તેના પછી પણ ઔરત ફરિયાદ કરે અને તેની ઉમર, હાલત, આદત (ચાલ ચલન)ને લક્ષમાં લઈને ખાત્રીનો અંદાજો થાય કે તેણી હદથી બહાર જઈ શકે છે અથવા ભરણ પોષણની વ્યવસ્થા ન થવાના કારણે સતત તકલીફનો શિકાર થતી રહેશે અથવા બંનેવ વાતો એકઠી છે તો હવે હંબલી મઝહબ પર ફત્વો તથા કુઝાની ઈજાઝત થશે.

ચોથી સ્થિતિ પર અધિક ચર્ચા તથા પ્રારંભિક તદબીરોનું બયાન હઝરત મુફતી મુહમ્મદ નિઝામુદ્દીન રઝવી સદર–ફતવા વિભાગ, અલ્ જામિઆ અશ્રફિયાના મક઼ાલા (લખાણ)માં છે. અલ્લાહ બેહતર જાણનાર છે. (તે તદબીરો આ પ્રમાણે છે) :–

જે ઔરત આફતોમાં સપડાઈ ચૂકી તેના છૂટકારાની તદબીર

ફતાવા રઝવિય્યહ, ભાગ–૫માં વિવિધ સ્થળે એ બતાવવામાં આવી છે કે ઔરત ઈસ્લામી હાકિમને ત્યાં ફરિયાદ કરે. તે (હાકિમ) પતિને એ વાત માટે મજબૂર કરે કે પોતાની પત્નીને ભરણ પોષણ આપે, પત્નીત્વનો વઝીફો અદા કરે, નહીં તો તલાક઼ આપે. જો ન માને તો કેદ કરે. તેમ છતાં ન માને તો મારે, ત્યાં સુધી કે તે બે વાતોમાંથી એક અપનાવી લે.

આ'લા હઝરત عَلَيْهِ الرَّحْمَةُ وَ الرِّضْوَانْ ના જમાનામાં રામપુર વગેરે ઈસ્લામી શહેરોમાં એવા સત્તાધારી હાકિમો હતા જેઓ આ રીતની જુલ્મપીડિત (મઝલૂમ) સ્ત્રીઓના પતિના જુલ્મ તથા તેના પંજાથી પોતાની શક્તિ તથા સત્તાના બળે છોડાવી શકતા હતા, પણ આજના દૌરમાં કોઈ એવો સત્તાધારી શરઈ કાઝી નથી જે જાલિમ પતિને કેદ કરે, મારે અને સદ્‌વર્તાવ માટે અથવા તલાક માટે મજબૂર કરે, એટલા માટે હવે તેના ક્રમસર ત્રણ ઉપાયો છે :

**(૧)** એક એ કે પતિનો સામાજિક બહિષ્કાર કરવામાં આવે અને તેમાં જરા પણ ઢીલ રાખવામાં ન આવે. આ શિક્ષા (તઅઝીર) થકી સરકશ તથા તૌફીક઼હિન શખ્સ સિવાય દરેક તે માણસ સુધરી શકે છે જેનું ઝમીર કાંઈક પણ જીવંત હોય અને તેમાં જરા પણ ઈસ્લામી હમિય્યત તથા ગૈરત (શરમ) મૌજૂદ હોય.

**(૨)** પરંતુ જો તે કઠણ હૃદયી, મુર્દા ઝમીર તથા બેતૌફીક઼ જ નીકળ્યો અને (સરકશીથી) નાફર્માનીથી ન અટકયો તો ઔરતને સબ્ર તથા શુક્ર તથા અલ્લાહની રઝામાં રાજી રહેવા તેમજ રોઝા રાખવાની હિદાયત કરવામાં આવે અને એના પર મજબૂતીથી ક઼ાયમ રહે.

**(૩)** પરંતુ જો ઔરત તેમ છતાં પણ અધૈર્યની શિકાયત કરે





અને તેની ઉમર, સ્થિતિ, આદત (ચાલચલન) તેની સાક્ષી પૂરે તો હવે શરઈ જરૂરત તેહક઼ીક઼યુક્ત થઈ ચૂકી. આ સંજોગોમાં ક઼ાઝીને નિકાહ રદ કરવાની ઈજાઝત છે.

*[(હવાલો : મુંબઈ ખાતે **"સુન્ની દા'વતે ઈસ્લામી"**ના આયોજન હેઠળ **"જામિઆ અશ્રફિયા–મુબારકપુર"** થકી જમાદિઉલ અવ્વલ ૧૮, ૧૯, ૨૦ હિ.સ. ૧૪૨૬ (૨૯, ૩૦, ૩૧ જુલાઈ–૨૦૦૫)માં ઉલમાએ એહલે સુન્નતના ઉલમા તથા મુફતીઓએ યોજેલ **૧૧મા ફિક઼્હી સેમીનાર**માં રજૂ થયેલ ફૈંસલાઓ **હુઝૂર મુફતી મુહમ્મદ નિઝામુદ્દીન મિસ્બાહી સાહબ**ના શબ્દોમાં રજૂ કર્યા છે.)]*

